



# સંજોગ ન્યૂઝ


SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26
Year -09 | Issue- 125 | AD - 2026, Maha Sud - 08 | Tuesday, Dt. 10-02-2026 | Editor : Vasant Movliya : Phone : (02792) 225225 | E-mail : sanjognews@gmail.com | Page-08 Price : Rs.3-00

### બજેટ સત્રમાં તણાવ ચરમસીમાએ, વિપક્ષના નેતાને બોલવાની મંજૂરી, સાંસદોના સસ્પેન્શન અને ગૃહ વ્યવહાર પર ઉઠ્યા પ્રશ્નો

# લોકસભાના અધ્યક્ષ ઓમ બિરલા સામે અવિશ્વાસ પ્રસ્તાવ લાવવાની વિપક્ષની તૈયારી

નવી દિલ્હી, તા. ૦૯

વિપક્ષ હવે લોકસભાના અધ્યક્ષ ઓમ બિરલા સામે અવિશ્વાસ પ્રસ્તાવ લાવી શકે છે. વિપક્ષી પક્ષો પહેલાથી જ આ માટે તૈયારી કરી રહ્યા છે. હકીકતમાં, બજેટ સત્રની શરૂઆત ખૂબ જ તોફાની રહી છે. રાષ્ટ્રપતિના અભિભાષણ પછી આભાર પ્રસ્તાવ પર ચર્ચા દરમિયાન ગૃહની કાર્યવાહી દરરોજ ખોરવાઈ રહી છે, જેના કારણે અધ્યક્ષને ગૃહ મુલતવી રાખવાની ફરજ પડી હતી. બજેટ સત્ર દરમિયાન શાસક પક્ષ અને વિપક્ષ વચ્ચેનો સંઘર્ષ એટલો વધ્યો કે વડાપ્રધાન નરેન્દ્ર મોદી રાષ્ટ્રપતિના અભિભાષણ પર આભાર પ્રસ્તાવની ચર્ચાનો જવાબ આપી શક્યા નહોતા. વિપક્ષ, ખાસ કરીને મહિલા કોંગ્રેસ સાંસદોએ અધ્યક્ષની બેઠકની આસપાસ ઘેરાવો કર્યો હતો, જેના કારણે કાર્યવાહી મુલતવી રાખવી પડી હતી. સૂત્રોના જણાવ્યા અનુસાર, વિપક્ષ બજેટ સત્રના બીજા ભાગમાં અવિશ્વાસ પ્રસ્તાવ રજૂ કરશે, કારણ કે તેના માટે ૨૦ દિવસની નોટિસ જરૂરી છે. કોંગ્રેસના સાંસદોએ અધ્યક્ષ સામે અવિશ્વાસ પ્રસ્તાવ માટે સહી કરી દીધી છે. સમાજવાદી પાર્ટી (સપા) અને ડીએમકે સહમત હોવાનું કહેવાય છે. ટીએમસીનું વલણ હજી સ્પષ્ટ નથી; તેઓ પોતાના હાઈકમાન્ડ સાથે ચર્ચા કર્યા બાદ નિર્ણય લેશે. કોંગ્રેસના ફ્લોર મેનેજર અન્ય પક્ષો સાથે પણ વાતચીત કરી રહ્યા છે. કોંગ્રેસે દાવો કર્યો છે કે તેમની પાસે નોટિસ રજૂ કરવા માટે પૂરતા સાંસદો છે. એક-બે પક્ષો અસહમત રહે તો પણ પ્રસ્તાવ બંધારણીય સમયમર્યાદામાં રજૂ કરવામાં આવશે. અવિશ્વાસ પ્રસ્તાવના કારણોમાં સામેલ છે જેમાં લોકસભામાં વિપક્ષના નેતાને



બોલવાની મંજૂરી ન આપવી, અધ્યક્ષ દ્વારા મહિલા સાંસદોના નામનો ઉલ્લેખ કરવો, ટ્રેઝરી બેન્ચના સાંસદોને વિશેષાધિકારો આપવામાં આવતા હોવાના આરોપ, અને આઠ વિપક્ષી સાંસદોને સમગ્ર સત્ર માટે સસ્પેન્ડ કરવાનું પગલું. આજે લોકસભાની કાર્યવાહી શરૂ થાય તે પહેલાં ઘણા વિપક્ષી નેતાઓ કોંગ્રેસ પ્રમુખ મલ્લિકાર્જુન ખડગેના નિવાસસ્થાને મળ્યા હતા, જ્યાં બેઠક યોજાઈ હતી. બજેટ સત્ર દરમિયાન ગૃહમાં ખલેલ પહોંચાડવાના આરોપ હેઠળ આઠ વિપક્ષી સાંસદોને સસ્પેન્ડ કરવામાં આવ્યા હતા. વિપક્ષે વારંવાર આરોપ લગાવ્યો છે કે અધ્યક્ષ શાસક પક્ષને બોલવાની વધુ તક આપે છે, જ્યારે વિપક્ષને અવકાશ મળતો નથી. સૂત્રો મુજબ, લગભગ તમામ વિપક્ષી પક્ષો અધ્યક્ષ સામે અવિશ્વાસ પ્રસ્તાવ લાવવા સંમત થયા છે અને ટૂંક સમયમાં લોકસભાના મહાસચિવને નોટિસ સુપરત કરવાની તૈયારી કરી રહ્યા છે. વિપક્ષ રાહુલ ગાંધીને લોકસભામાં બોલવાની મંજૂરી આપવાની માંગ કરી રહ્યો છે. રાષ્ટ્રપતિના અભિભાષણ પર આભાર પ્રસ્તાવની ચર્ચા દરમિયાન રાહુલ ગાંધીએ ભૂતપૂર્વ આર્મી ચીફ એમ.એમ. નરવણે દ્વારા લખાયેલા અપ્રકાશિત પુસ્તકના અંશો વાંચીને લદ્દાખમાં ચીન સાથેના તણાવનો મુદ્દો ઉઠાવ્યો હતો. અધ્યક્ષે અપ્રકાશિત પુસ્તકના અંશો વાંચવાનું અયોગ્ય ગણાવ્યું હતું, જેના કારણે હોબાળો થયો હતો. વિપક્ષે આઠ વિપક્ષી સાંસદોના સસ્પેન્શન રદ કરવાની પણ માંગ ઉઠાવી છે. કોંગ્રેસના સાંસદ કે.સી. વેણુગોપાલે જણાવ્યું હતું કે "સંસદીય નિયમો મુજબ વિપક્ષના નેતા 'છાયા વડાપ્રધાન' સમાન હોય છે, પરંતુ અહીં તેમને બોલવાની મંજૂરી આપવામાં આવતી નથી. સરકાર કંઈપણ કહી શકે છે, પરંતુ વિપક્ષને બોલવાની તક આપવામાં આવતી નથી. આવું વર્તન પહેલાં ક્યારેય જોવા મળ્યું નથી." કોંગ્રેસના સાંસદ મલ્લુ રવિએ કહ્યું કે, "સ્પીકર દ્વારા સર્જાયેલી પરિસ્થિતિને કારણે વિપક્ષ પાસે અવિશ્વાસ પ્રસ્તાવ લાવવા સિવાય કોઈ વિકલ્પ રહ્યો નથી. જ્યારે પણ અમે બોલવા માગીએ છીએ ત્યારે ગૃહ સ્થગિત કરી દેવામાં આવે છે."

## હૈદરાબાદ હાઉસમાં મોદી-હર્મિની વચ્ચે અનેક એમઓયુ પર હસ્તાક્ષર

નવી દિલ્હી, તા. ૦૯

દિલ્હીના હૈદરાબાદ હાઉસ ખાતે ભારત–સેશેલ્સ સંબંધોને મજબૂત બનાવવાની દિશામાં એક મહત્વપૂર્ણ રાજદ્વારી પગલું જોવા મળ્યું. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અને સેશેલ્સના રાષ્ટ્રપતિ પેટ્રિક હર્મિની વચ્ચે યોજાયેલી દ્વિપક્ષીય બેઠકમાં વ્યૂહાત્મક ભાગીદારી, દરિયાઈ સહયોગ અને પરસ્પર સંબંધોને આગળ વધારવા અંગે ચર્ચા કરવામાં આવી. બેઠક દરમિયાન બંને નેતાઓની હાજરીમાં અનેક મહત્વપૂર્ણ એમઓયુ પર હસ્તાક્ષર કરવામાં આવ્યા, જે બંને દેશો વચ્ચેના સંબંધોને નવું પરિમાણ આપનાર માનવામાં આવે છે. બેઠક બાદ બંને નેતાઓએ સંયુક્ત પત્રકાર પરિષદને સંબોધિત કરી અને સંબંધોને નવી ઊંચાઈએ લઈ જવાની પ્રતિબદ્ધતા વ્યક્ત કરી. પીએમ મોદીએ જણાવ્યું કે રાષ્ટ્રપતિ બન્યા પછી હર્મિનીની આ પ્રથમ ભારત મુલાકાત છે. તેમણે કહ્યું કે બંને દેશો વચ્ચેનો સંબંધ ભૂતકાળ, વર્તમાન અને ભવિષ્ય સુધી વ્યાપેલો છે. દરિયાઈ પડોશી અને વિશ્વસનીય ભાગીદાર તરીકે સેશેલ્સ ભારતના સમુદ્ર દ્રષ્ટિકોણનો મહત્વપૂર્ણ ભાગ છે. તેમણે ઉમેર્યું કે ભારત અને સેશેલ્સ વચ્ચે જમીન, સમુદ્ર અને હવા ત્રણેય ક્ષેત્રોમાં સહયોગ સતત મજબૂત બની રહ્યો છે.

## રાયબરેલીમાં મિજબાનીમાંથી પરત ફરતા ૯ લોકોને કારે કચડ્યા, ચારનાં મોત

લખનૌ, તા.૦૯

ઉત્તર પ્રદેશના રાયબરેલી જિલ્લામાં એક ઝડપી કાર દ્વારા નવ લોકોને ટક્કર મરાતા ચારનાં મોત થયા છે, જ્યારે પાંચ અન્ય ગંભીર સ્થિતિમાં છે. આ ઘટના જગતપુર પોલીસ સ્ટેશન વિસ્તાર હેઠળના સુલતાનપુર જનોલી ગામ નજીક નિર્માણાધીન ગંગા એક્સપ્રેસવે પર બની હતી. માહિતી અનુસાર, પીડિતો તેરમા દિવસની વિધિ માટે એક સંબંધીના ઘરે ગયા હતા. વિધિ પૂર્ણ થયા બાદ તેઓ નિર્માણાધીન ગંગા એક્સપ્રેસવે પરથી પરત ફરી રહ્યા હતા. રસ્તામાં સેલ્ફી લેતા



સમયે એક ઝડપી કાર પાછળથી આવી અને તેમને ટક્કર મારી. અકસ્માતમાં બે યુવતીઓનું ઘટનાસ્થળે જ મોત થયું હતું. અન્ય ઘાયલોને જિલ્લા હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા, જ્યાં વધુ બે યુવતીઓએ સારવાર દરમિયાન દમ તોડ્યો. હાલ પાંચ યુવતીઓની સારવાર ચાલી રહી છે. પોલીસના જણાવ્યા મુજબ, કોડેર ગામના રહેવાસીઓ ચૂલી ગામમાં યોજાયેલી મિજબાનીમાંથી પરત ફરી રહ્યા હતા ત્યારે એક્સપ્રેસવે ક્રોસ કરતી વખતે આ દુર્ઘટના બની હતી.











## પૂર્વોત્તરને મોટી ભેટ : સૈરંગ-સિલચર વચ્ચે નવી ટ્રેન સેવા શરૂ


શિલોંગ, તા.૦૯

ઉત્તરપૂર્વ ભારતની મનોહર ટેકરીઓ અને વળાંકદાર રસ્તાઓ વચ્ચે વિકાસનો એક નવો પાટો બિછાયો છે. રેલ્વે મંત્રી અશ્વિની વૈષ્ણવ અને મિઝોરમના મુખ્યમંત્રી લાલદુહોમાએ સૈરંગ (મિઝોરમ) અને સિલચર (આસામ) વચ્ચે નવી ટ્રેન સેવાને લીલી ઝંડી આપી ઐતિહાસિક પગલું ભર્યું. મિઝોરમની રાજધાની ઐઝોલ નજીક આવેલું સૈરંગ સ્ટેશન હવે આસામના સિલચર સાથે સીધું જોડાયેલું છે. અગાઉ લોકો માટે આ બે રાજ્યો વચ્ચે મુસાફરી કરવી મુશ્કેલ અને સમયખાઉ હતી, કારણ કે પર્વતીય પ્રદેશોમાંથી લાંબી સફર કરવી પડતી હતી. જોકે, નવી ટ્રેન સેવા શરૂ થતા મુસાફરીનો સમય અને ખર્ચ બંનેમાં નોંધપાત્ર ઘટાડો થશે. આ નવી સેવા દ્વારા મળનારા લાભોમાં સારી આરોગ્યસંભાળ સુવિધાઓ, મિઝોરમના ગંભીર દર્દીઓને હવે આસામની ઉત્તમ હોસ્પિટલો (જેમ કે સિલચર મેડિકલ કોલેજ) સુધી સરળતાથી પહોંચ મળશે.



















સંજોગ ન્યૂઝ
# આપણું અમરેલી
મંગળવાર, તા.૧૦-૦૨-૨૦૨૬

**રાજકોટના સાંસદ પરશોત્તમભાઈ રૂપાલાની અધ્યક્ષસ્થાને અને માર્ગદર્શક એચ.એલ.પટેલની ઉપસ્થિતીમાં**

## ઓક્સફર્ડ સ્કૂલ ઓફ સાયન્સમાં ‘પ્રતિભાના પોંખણા’ વાર્ષિકોત્સવ ભવ્ય રીતે યોજાયો

અમરેલી, તા.૦૯









અમરેલી જિલ્લામાં શિક્ષણક્ષેત્રે ઉજ્જવળ પ્રતિષ્ઠા ધરાવતી ઓક્સફર્ડ સ્કૂલ ઓફ સાયન્સ, અમરેલીમાં ‘પ્રતિભાના પોંખણા -અમારા વિદ્યાર્થી, અમારું ગૌરવ’ વાર્ષિકોત્સવ કાર્યક્રમ ભવ્ય રીતે યોજાયો હતો. કાર્યક્રમ રાજકોટના સાંસદ પરશોતમભાઈ રૂપાલાના અધ્યક્ષસ્થાને યોજાયો હતો. કાર્યક્રમની શરૂઆત સંસ્થાના પ્રેરણાસ્ત્રોત અને માર્ગદર્શક એચ. એલ. પટેલની સાક્ષી અને સંમતિથી કરવામાં આવી હતી. કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ ધોરણ ૧૦ અને ૧૨ (સાયન્સ અને કોમર્સ)ના બોર્ડના વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરવાનો તથા ગત વર્ષે ઉત્તમ પરિણામ મેળવનાર વિદ્યાર્થીઓને સન્માનિત કરવાનો હતો. ખાસ કરીને અમરેલી જિલ્લાના ઈતિહાસમાં સૌપ્રથમ વખત ધોરણ ૧૦માં ૬૩ ‘A1’ ગ્રેડ મેળવનાર વિદ્યાર્થીઓને નવાજવામાં આવ્યા. ઉપરાંત, શાળામાંથી અગાઉ ઉત્તમ પરિણામ સાથે પાસ થઈ રાજ્યની પ્રતિષ્ઠિત મેડિકલ અને એન્જિનિયરિંગ કોલેજોમાં અભ્યાસ કરતા પૂર્વ વિદ્યાર્થીઓનું પણ સન્માન કરવામાં આવ્યું. કાર્યક્રમની શરૂઆત શાળાની વિદ્યાર્થીનીઓ દ્વારા ગણેશ સ્તુતિ અને સાંસ્કૃતિક કાર્યક્રમથી કરવામાં આવી હતી. ત્યારબાદ મયુરભાઈ ગજેરાએ મંચસ્થ મહેમાનો અને વાલીઓનું શાબ્દિક સ્વાગત કર્યું તથા શાળાની શૈક્ષણિક પ્રગતિ વિશે માહિતી આપી હતી. તેમણે જણાવ્યું કે ૧૧ વર્ષની સફરમાં નાનકડું બીજ આજે વિશાળ વટવૃક્ષ બની ગયું છે અને શાળાની સફળતામાં વિદ્યાર્થીઓ, વાલીઓ અને શિક્ષકોનો મહત્ત્વનો ફાળો રહ્યો છે. ત્યારબાદ મંચસ્થ મહાનુભાવોએ મા સરસ્વતીના ચરણોમાં દીપ પ્રાગટ્ય કરી કાર્યક્રમની શુભ શરૂઆત કરી. ભારતીય પરંપરા મુજબ મહેમાનોનું શાલ અને પુષ્પગુચ્છથી સન્માન કરવામાં આવ્યું. સન્માન કાર્યક્રમ અંતર્ગત ગત વર્ષ ધોરણ ૧૨ સાયન્સમાં ૯૫.૫૩ ટકા સાથે જિલ્લામાં પ્રથમ સ્થાન મેળવનાર કુમારી હસ્તી વિરપરાનું અધ્યક્ષશ્રી રૂપાલા સાહેબના હસ્તે સન્માન કરવામાં આવ્યું. ઉપરાંત, ધોરણ ૧૨ સાયન્સ અને કોમર્સમાં ‘A1’ ગ્રેડ મેળવી પ્રતિષ્ઠિત કોલેજોમાં પ્રવેશ મેળવનાર તેમજ ધોરણ ૧૦માં ૬૩ ‘A1’ ગ્રેડ મેળવનાર વિદ્યાર્થીઓને પણ શિલ્ડ અર્પણ કરી સન્માનિત કરવામાં આવ્યા. રૂપાલાએ પોતાના માર્ગદર્શનાત્મક સંબોધનમાં વર્તમાન શૈક્ષણિક પદ્ધતિ, તેમાં આવશ્યક ફેરફારો અને વિદ્યાર્થીઓ-વાલીઓ-શિક્ષકોની ભૂમિકાની ચર્ચા કરી. તેમણે જણાવ્યું કે ભણતર ભારવિનાનું અને રોજગારલક્ષી બનવું જોઈએ. વિદ્યાર્થીઓએ ભણતર સાથે ગણતર પણ શીખવું જરૂરી છે. શિક્ષકોની ભૂમિકા વિદ્યાર્થીઓની આંતરિક શક્તિઓને ઓળખીને બહાર લાવવાની છે. તેમણે ઓક્સફર્ડ સ્કૂલના સંચાલકો અને ટીમના શૈક્ષણિક કાર્યની પ્રશંસા કરી હતી. કાર્યક્રમના અંતે વિદ્યાર્થીનીઓએ બે સાંસ્કૃતિક કૃતિઓ રજૂ કરી હાજર મહેમાનોને મંત્રમુગ્ધ કર્યા. ડો. કેતન કાનપરિયાએ કાર્યક્રમનું સુંદર સંચાલન કર્યું. સ્ટેજ વ્યવસ્થા માટે પ્રદીપભાઈ માંગરોળિયાનો આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો. અંતમાં ચંદુભાઈ ધાનાણીએ તમામ મહેમાનો, વાલીઓ, વિદ્યાર્થીઓ અને ઓક્સફર્ડ પરિવારના શિક્ષકો તથા સ્ટાફનો આભાર વ્યક્ત કર્યો હતો. ઓક્સફર્ડ સ્કૂલ મેનેજમેન્ટ તરફથી મયુરભાઈ ગજેરા અને પ્રહલાદભાઈ વામજાએ સૌના સહકાર બદલ હૃદયપૂર્વક કૃતજ્ઞતા વ્યક્ત કરી હતી.

## લીલીયા પંથકમાં બિનકાયદેસર દેશી બાવળનો જથ્થો ઝડપાયો, રૂ.૫૦,૦૫૧ દંડ ફટકારાયો

લીલીયા,તા.૦૯




લીલીયા તાલુકાના વાઘણીયા-ભોરીંગડા વિસ્તારમાં દેશી બાવળ, લીમડા અને અન્ય સ્થાનિક પ્રજાતિના વૃક્ષો કાપવાના બનાવોની બાતમી ધારી ગીર પૂર્વ વન વિભાગને મળતા તાત્કાલિક કાર્યવાહી હાથ ધરાઈ છે. DCF વિકાસ યાદવ અને ઈન્ચાર્જ RFO મનીષ પટેલના માર્ગદર્શન હેઠળ ઈન્ચાર્જ ફોરેસ્ટર રવિરાજભાઈ ખુમાણ અને બીટ ગાર્ડ તીર્થરાજસિંહ જાડેજાએ મોડી રાત્રે વાઘણીયા-નાનાલીલીયા માર્ગ પર નજર રાખી હતી. બાતમીના આધારે પસાર થતું આઈસર (GJ ૧૪ ઠ ૬૨૮૮) રોકી તપાસ કરતાં તેમાં દેશી બાવળના લાકડાનો બિનકાયદેસર જથ્થો મળી આવ્યો હતો. ચાલક પ્રકાશ ડવાર સામે કાયદેસરની કાર્યવાહી કરી રૂપિયા ૫૦,૦૫૧નો દંડ ફટકારાયો હતો. દેશી બાવળ સ્થાનિક વાઈલ્ડલાઈફ હેબિટેટ માટે મહત્વપૂર્ણ માનવામાં આવે છે. વન વિભાગની આ કામગીરીથી ગેરકાયદે વૃક્ષછેદન કરનારાઓમાં ફફડાટ ફેલાયો છે.

## બગસરામાં મહાશિવરાત્રી પર્વે સતત ત્રીજી વખત ભવ્ય પાલખી યાત્રાનું આયોજન: મહાદેવ સાથે માતાજી પણ બિરાજશે

બગસરા, તા.૦૯



તસવીર : હાર્દિક બામટા

બગસરા શહેરના ઈતિહાસમાં સતત ત્રીજી વખત આગામી તારીખ ૧૫ના રોજ મહાશિવરાત્રીના પાવન અવસર પર ભવ્ય પાલખી યાત્રાનું આયોજન કરવામાં આવ્યું છે. આ વર્ષે વિશેષ રૂપે મહાદેવની સાથે માતાજી પણ પાલખીમાં બિરાજમાન થશે. આ માટે સનાતન ગ્રુપ દ્વારા શહેરને ધ્વજા-પતાકાથી શણગારવાની કામગીરી પુરજોશમાં શરૂ કરી દેવામાં આવી છે.

આ પાલખી યાત્રા રત્નેશ્વર મહાદેવ મંદિરથી નીકળીને શહેરના મુખ્ય માર્ગો પર ફરીને ભૂતનાથ મહાદેવના સાનિધ્યમાં પૂર્ણ થશે, જ્યાં અંતમાં રાજોપચાર મહાઆરતી કરવામાં આવશે. આ ઉપરાંત રાત્રે ૯ કલાકે સાતલ તારા કાંઠે ગુજરાતના પ્રખ્યાત કવિઓ દ્વારા કાવ્ય પઠનનો કાર્યક્રમ યોજાશે.

કાર્યક્રમને ભવ્ય બનાવવા માટે ચેમ્બર ઓફ કોમર્સ, વેપારી મહામંડળ, કિરાણા એસોસિયેશન અને પેસેન્જર એસોસિયેશન જેવી સંસ્થાઓ દ્વારા તમામ વેપારીઓને પોતાના ધંધા-રોજગાર બંધ રાખીને આ યાત્રામાં જોડાવા અનુરોધ કરવામાં આવ્યો છે.

## રાજુલાની કાન્હા વિશ્વ વિદ્યાલયમાં નવા સત્રથી ધોરણ ૧ થી ૮ના વર્ગો બંધ

**અનિયમિતતા અને ખોટા દસ્તાવેજોના આક્ષેપ બાદ કાર્યવાહી**

રાજુલા, તા.૦૯

કાન્હા વિશ્વ વિદ્યાલય સામે થયેલી ફરિયાદોને અનુસંધાને જિલ્લા પ્રાથમિક શિક્ષણ અધિકારી દ્વારા નવા સત્રથી ધોરણ ૧થી ૮ સુધીના તમામ વર્ગો બંધ કરવાનો હુકમ તા. ૩-૨-૨૦૨૬ના રોજ જાહેર કરવામાં આવ્યો છે. જગદીશભાઈ ઝાંખરાની તા. ૨-૬-૨૦૨૫ અને ૯-૬-૨૦૨૫ની લેખિત ફરિયાદોના આધારે શાળાની તપાસ હાથ ધરાઈ હતી. તાલુકા પ્રાથમિક શિક્ષણ અધિકારી દ્વારા કરાયેલ સ્થળ તપાસમાં ભાડા કરાર, જમીનનો નકશો અને બાંધકામ મંજૂરીના મૂળ દસ્તાવેજો રજૂ ન થયાના નિષ્કર્ષ આવ્યા હતા. શાળા દ્વારા રજૂ કરાયેલ BUP સર્ટિફિકેટ અંગે નાયબ કાર્યપાલક ઈજનેર, રાજુલાએ તે કચેરીના રેકોર્ડમાં ઉપલબ્ધ ન હોવાનું જણાવ્યું હતું. મંજૂરી વિના હોસ્ટેલ ચલાવવાના સંકેતો પણ મળ્યા હતા. સુનાવણી અને સમયમર્યાદા છતાં પૂરતા આધાર ન રજૂ થતા RTE Rules-૨૦૧૨ મુજબ સમિતિ રચાઈ અને અંતે માન્યતા રદ કરવાની દરખાસ્ત નિયામક, ગાંધીનગરને મોકલાઈ હતી. નિયામકની સૂચના અનુસાર કાર્યવાહી કરતાં શાળાની માન્યતા રદ કરવામાં આવી છે. આ પગલાંથી ખાનગી શાળા વર્તુળોમાં ખળભળાટ મચ્યો છે.

## સાવરકુંડલામાં મહાશિવરાત્રિ મહોત્સવનું ભવ્ય આયોજન

સાવરકુંડલા, તા.૦૯

સાવરકુંડલા મુકામે સ્વામી શ્રી નિર્દોષાનંદજી સત્સંગ આશ્રમમાં તા.૧૫-૦૨-૨૦૨૬ રવિવારે મહાશિવરાત્રિ મહોત્સવનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. સ્વામી શ્રી ભોલાનંદ સરસ્વતીજી મહારાજની પાવન નિશ્રામાં શિવપૂજા, સત્સંગ, રક્તદાન મહાશિબિર, પુસ્તક વિમોચન તથા ચાર પ્રહરની સામૂહિક પાર્થિવ શિવલિંગ મહાપૂજાનું આયોજન થશે. સવારે ૮ વાગ્યે શિવસ્તોત્રપાઠથી કાર્યક્રમનો પ્રારંભ થશે. ‘સદવિચાર દિવાકર’ અને ‘જીવન સુધા’ ગ્રંથનું વિમોચન પણ યોજાશે. રક્તદાન કેમ્પ દ્વારા માનવસેવા હોસ્પિટલના દર્દીઓ માટે સહાય કરવામાં આવશે. રાત્રે ૮ વાગ્યે શરૂ થતી મહાપૂજા સોમવારે સવારે પૂર્ણ થશે. કાર્યક્રમનું જીવંત પ્રસારણ ‘ગુરુ સાન્નિધ્ય’ યુ-ટ્યુબ ચેનલ પર થશે.

**જાહેર નોટીસ**

**એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, ગીરગઢડા**

અરજી નં.11/2026
મરણ તારીખ:09/04/2010

કાંતીભાઈ લખમણભાઈ આંબલીયા,
રહે.જરગલી, ગામ-જરગલી
તાલુકો-ગીરગઢડા, જિલ્લો-ગીરસોમનાથ

**વિરૂધ્ધ**

રજીસ્ટારશ્રી (જન્મ -મરણ) અને તલાટી કમ મંત્રીશ્રી,
ગ્રામ પંચાયત કચેરી, જરગલી, તાલુકો- ગીરગઢડા, જિલ્લો-ગીરસોમનાથ

**બાબત : જન્મ-મરણ નોંધણી અન્વયે મરણની નોંધણી કરાવવા બાબત**

આથી જાહેર જનતા જોગ આ નોટીસ દ્વારા જાણ કરવામાં આવે છે કે, આ કામના અરજદારશ્રી કાંતીભાઈ લખમણભાઈ આંબલીયા, રહે.જરગલી, ગામ-જરગલી તાલુકો-ગીરગઢડા, જિલ્લો-ગીરસોમનાથ વાળાએ તેમના પત્ની સ્વ.કંચનબેન કાંતીભાઈ આંબલીયાનું મરણ તારીખ 09/04/2010 ના રોજ ગીરગઢડા તાલુકાના ગ્રામ પંચાયત કચેરી જરગલી મુકામે થયેલ છે. જે અન્વયે આ કામના સામાવાળા આ મતલબનો દાખલો કાઢી આપે તે મુજબની અરજી અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરથી કરેલ છે.

આ અરજી સામે જે કોઈ ઈસમ, વ્યક્તિ, સંસ્થા, બોર્ડ કે કોઈપણને વાંધો કે તકરાર હોય તેમણે આધાર-પુરાવા સાથે જાતે અગર તેમના વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટમાં દિન-૩૦માં કચેરી સમય દરમ્યાન રજુ કરવાનું રહેશે અન્યથા અત્રેની કોર્ટ તરફથી આગળની ધારાસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે જેની નોંધ લેશો.

આજ રોજ તા. ૨૦/૦૧/૨૦૨૬ નાં રોજ કોર્ટનો સહી સીક્કો કરી આપ્યો.

કોર્ટનો સિક્કો

હુકમથી
સહિ
એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
ગીરગઢડા




Jitendra Sanghani
Cell : 98254 22922

MARUTI SUZUKI

મારૂતિ સુઝુકી સર્વિસ સ્ટેશનનું એકમાત્ર સ્થળ તથા
સંપૂર્ણ આધુનિક સુવિધા સાથેનો વિશ્વાસપાત્ર અને અનુભવી સ્ટાફ

**કારકેર સેન્ટર**

(Maruti Authorised Workshop)



વ્હીલ એલાઈમેન્ટ,વ્હીલ બેલેન્સીંગ, મીકેનીક કામ,
રીપેરીગ, વોશિગ તેમજ સર્વિસ કરી આપનાર

ચકકરગઢ રોડ, અમરેલી-૩૬૫ ૬૦૧
ફોનઃ ૦૨૭૯૨ ૨૨૦૦૯૯, E-mail: carcarerushi@rediffmail.com

**CHANGE OF NAME**

I Undersigh I SAIYAD JEBUNNISHA ALIHUSEN have changed my name from SAIYED JENUNNISHA ALIHUSEN To SAIYAD JEBUNNISHA ALIHUSEN Now i will be known as SAIYAD JEBUNNISHA ALIHUSEN
Sigh : SAIYAD JEBUNNISHA ALIHUSEN
Address: JUNA GIRIYA,MASJID PASE, AT-GIRIYA-DIST-AMRELI 365601

**CHANGE OF NAME**

I Undersing I BHARMAL SAIFUDINBHAI IBRAHIMBHAI have changed my name from BHARMAL SAIFUDIN IBRAHIMBHAI To BHARMAL SAIFUDINBHAI IBRAHIMBHAI Now i will be known as BHARMAL SAIFUDINBHAI IBRAHIMBHAI
Sing : BHARMAL SAIFUDINBHAI IBRAHIMBHAI
Address: SUKHDIYA SHERI,VORAVAD, AT-CHITAL,DIST-AMRELI-365620

# બાબરાના કોટડાપીઠા ગામે રૂ. ૧.૩૦ કરોડના ખર્ચે સુવિધાપથને ધારાસભ્ય જનક તળાવીયાએ મંજૂર કરાવ્યો

બાબરા,તા.૦૯



ધારાસભ્ય જનક તળાવીયાએ

બાબરા તાલુકાના કોટડાપીઠા ગામે લાંબા સમયથી પ્રજાજનોની મહત્વપૂર્ણ માંગ રહેલી તે આંતરિક માર્ગ સુવિધા માટે રાજ્ય સરકાર દ્વારા રૂ. ૧.૩૦ કરોડના ખર્ચે સુવિધાપથ (સી.સી. રોડ) મંજૂર કરવામાં આવ્યો છે. કોટડાપીઠામાં આરોગ્ય કેન્દ્રથી કર્ણુકીના કાચા રસ્તાને જોડતો સી.સી. રોડ બનાવવા માટે સ્થાનિક ધારાસભ્ય જનક તળાવીયાએ સતત રજૂઆત કરી હતી. કોટડાપીઠા ગામે વસવાટ કરતા નાગરિકો, ખેડૂતો, વિદ્યાર્થીઓ તેમજ વેપારીઓને વર્ષોથી ખરાબ માર્ગોના કારણે અવરજવર કરવામાં ભારે મુશ્કેલી પડી રહી હતી. ખાસ કરીને વરસાદી ઋતુ દરમિયાન કાચા તથા જર્જરિત રસ્તાઓ કારણે રોજિંદી આવાગમન, શાળા-કોલેજ, આરોગ્ય સેવા તથા ખેતી સંબંધિત વાહન વ્યવહાર અસરગ્રસ્ત થતો હતો. આ સમસ્યાને ધ્યાનમાં રાખી ધારાસભ્ય જનક તળાવીયાએ સરકાર સમક્ષ વારંવાર રજૂઆત કરી હતી. આ માર્ગ બનવાથી ગામના આંતરિક રસ્તાઓ મજબૂત બનશે, ટ્રાફિક સુવ્યવસ્થિત થશે અને ગ્રામજનોને વર્ષો સુધી ટકાઉ અને સુરક્ષિત માર્ગ સુવિધા પ્રાપ્ત થશે. આ મંજૂરી મળતાં કોટડાપીઠા ગામના સરપંચ, ગ્રામ પંચાયતના સભ્યો, આગેવાનો તથા ગ્રામજનોએ ધારાસભ્ય જનક તળાવીયાનો આભાર વ્યક્ત કર્યો છે.

# સાવરકુંડલા-નેસડી રોડ પર ૧૨ બમ્પ: અકસ્માતો પર લાગશે લગામ, સ્થાનિકોએ લીધો રાહતનો શ્વાસ

**બમ્પ પર સફેદ પટ્ટા અને રેડિયમ લગાવવા તેમજ ચેતવણી બોર્ડ મૂકવાની માંગ કરી**

સાવરકુંડલા,તા.૦૯



શહેરના મહત્વપૂર્ણ સાવરકુંડલા-નેસડી રોડ પર વાહનોની બેફામ ગતિને રોકવા અને અકસ્માતો ટાળવા માટે તંત્ર દ્વારા બમ્પ મુકવાની કામગીરી કરવામાં આવી છે. ન્યારા પેટ્રોલ પંપથી શહેરના ખોડીયાર પાન સુધીના વિસ્તારમાં કુલ ૧૨ સ્પીડ બ્રેકર (બમ્પ) મૂકવામાં આવતા રહેણાંક સોસાયટીઓ, હીરા કારખાનાઓના શ્રમિકો અને સ્થાનિકોએ રાહતનો શ્વાસ લીધો છે.

આ માર્ગ અમરેલી તરફ જતા ભારે વાહનો માટે મુખ્ય ગળું છે. રસ્તો સારો હોવાથી ચાલકો અતિશય ગતિએ વાહન ચલાવતા હતા, જેથી અહીં વારંવાર અકસ્માતો બનતા હતા. અલીકડા જયસુખભાઈનો ગંભીર અકસ્માત થયો હતો. બમ્પ બનતા હવે વાહનોની ગતિ પર અંકુશ લાગ્યો છે. જોકે, સલામતી માટે સ્થાનિકોએ બમ્પ પર સફેદ પટ્ટા અને રેડિયમ લગાવવા તેમજ ચેતવણી બોર્ડ મૂકવાની માંગ કરી છે.

# ચલાલાના ગાયત્રી સંસ્કાર ધામમાં ૨૨મો સર્વજ્ઞાતિ સમૂહ લગ્નોત્સવ યોજાયો

ચલાલા,તા.૦૯



અખિલ વિશ્વ ગાયત્રી પરિવાર શાંતિકુંજ હરિદ્વાર પ્રેરિત અને ચલાલા સ્થિત ગાયત્રી સંસ્કાર ધામ દ્વારા ડૉ. રતિદાદાના સાનિધ્યમાં ભવ્ય ૨૨મો સર્વજ્ઞાતિ સમૂહ લગ્નોત્સવ યોજાયો હતો. આ કાર્યક્રમમાં રાજ્યમંત્રી કૌશિક વેકરીયા સહિત મોટી સંખ્યામાં માનવ મહેરામણ ઉમટ્યું હતું.

યુગ નિર્માણ ગાયત્રી પરિવાર ટ્રસ્ટ દ્વારા આયોજિત આ ઉત્સવમાં જ્ઞાતિ, જાતિ કે ધર્મના ભેદભાવ વિના જુદી-જુદી જ્ઞાતિના ૨૧ નવયુગલો જોડાયા હતા. આ પ્રસંગે દરેક કન્યાને ૧૩૦ કરતા વધુ વસ્તુઓ કરિયાવર રૂપે ભેટ આપવામાં આવી હતી. ઉલ્લેખનીય છે કે, ડૉ. રતિદાદાના હસ્તે આજ દિન સુધીમાં કુલ ૧૮૨૬ દીકરીઓના લગ્ન કરાવવાનું ભગીરથ કાર્ય થયું છે.

કાર્યક્રમમાં આફ્રિકા (કંપાલા)થી ખાસ ઉપસ્થિત રાષ્ટ્રપતિ એવોર્ડ વિજેતા પરેશભાઈ મહેતા, ધારાસભ્ય જે.વી. કાકડિયા, જીલ્લા ભાજપ પ્રમુખ અતુલભાઈ કાનાણી, રઘુવીરગીરી બાપુ, કરુણાનિધાનબાપુ, હર્ષદબાપુ ભગત સહિતના સંતો-મહંતો અને રાજકીય આગેવાનો હાજર રહ્યા હતા. ભારતભૂષણ મહેશભાઈ મહેતા દ્વારા સૌને આવકારવામાં આવ્યા હતા.

**સંતો-મહંતો અને રાજકીય આગેવાનો હાજર રહ્યા હતા**

લગ્નોત્સવની સાથે શાંતાબેન ગજેરા હોસ્પિટલ દ્વારા મહારક્તદાન શિબિરનું પણ આયોજન કરાયું હતું, જેમાં સંસ્થાના ડાયરેક્ટર શીતલબેન મહેતાએ પણ રક્તદાન કર્યું હતું. કાર્યક્રમનું સંચાલન મહેશભાઈ મહેતા અને શીતલબેન મહેતાએ કર્યું હતું, જ્યારે વ્યવસ્થા જાળવવામાં ગાયત્રી એજ્યુકેશન ગ્રુપના સ્ટાફ અને ચલાલા પોલીસે જહેમત ઉઠાવી હતી.


# જાફરાબાદના વઢેરા ગામનો યુવાન ગૂમ

અમરેલી, તા.૦૯

જાફરાબાદ તાલુકાના વઢેરા ગામનો ૧૯ વર્ષીય યુવાન પ્રવિણભાઈ સોમાતભાઈ વાઘેલા ગત તા.૦૪/૦૨/૨૦૨૬ના બપોરના સમયથી ગુમ થયો છે. વઢેરામાં વરૂડી માતાજીના મંદિર પાસે રહેતો આ યુવાન અભ્યાસ કરે છે.આ અંગેની જાણ યુવાનની પત્ની અનિતાબેન વાઘેલા દ્વારા જાફરાબાદ ટાઉન પોલીસ મથકે કરવામાં આવી છે. પોલીસ સ્ટેશનમાં ગુમ થયાની નોંધ કરવામાં આવી છે.

# સુરવો ડેમ પાસે સિંહણ ૩ બચ્ચા સાથે દેખાઈ, લોકોમાં ઉત્સાહ

અમરેલી,તા.૦૯



અમરેલી જિલ્લામાં એશિયાટિક સિંહોના વધતા વ્યાપ વચ્ચે વડિયા પંથકના સુરવો ડેમ નજીક સિંહણ તેના ત્રણ બચ્ચા સાથે દેખાતા સ્થાનિકોમાં ઉત્સાહ ફેલાયો છે. સિંહ પરિવારે મારણ કર્યા બાદ ખુલ્લા મેદાનમાં નિરાંતે આરામ ફરમાવતો વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થયો છે. સમાચાર મળતા જ મોટી સંખ્યામાં લોકો ડેમની પાળે સિંહદર્શન માટે ઉમટ્યા હતા. સિંહણ અને બચ્ચાઓને નિર્ભય વિહાર કરતા જોઈ પ્રકૃતિપ્રેમીઓમાં આનંદની લાગણી છવાઈ ગઈ હતી. વન વિભાગ સતર્ક બન્યો હોવાનું જાણવા મળે છે.

# અમરેલીમાં બાર કાઉન્સિલ ઉમેદવાર દિલીપભાઈ પટેલનો ચૂંટણી પ્રચાર

**પટેલને વકીલોએ જંગી બહુમતી આપવાની ખાતરી આપી હતી**

અમરેલી,તા.૧૦



બાર કાઉન્સિલ ઓફ ઈન્ડિયાના સહ અધ્યક્ષ અને ચુંટણીના મજબૂત ઉમેદવાર શ્રીદિલીપભાઈ પટેલે આજે અમરેલીની મુલાકાત લીધી હતી. તેમની સાથે રાજકોટ બાર એસોસિયેશનના પ્રમુખ સુમિતભાઈ વોરા અને યોગેશભાઈ ઉદાણી હાજર રહ્યા હતા. પટેલે જિલ્લાના વિવિધ તાલુકાના વકીલોને મળીને પોતાના પક્ષ માટે સમર્થન માંગ્યું અને ભવ્ય બહુમતીથી જીતવાની અપીલ કરી. આ અવસરે અમરેલીના વકીલમિત્રોએ શાલ અને પુષ્પગુચ્છ આપીને તેમનું સન્માન કર્યું. સૌરાષ્ટ્રના ૧૦૮ તરીકે ઓળખાતા પટેલને વકીલોએ જંગી બહુમતી આપવાની ખાતરી પણ આપી હતી.

# અમરેલીની કે. કે. પારેખ કોમર્સ કોલેજમાં 'ફાઈનાન્સિયલ સપોર્ટ ફોર અર્લી સ્ટેજ એન્ટરપ્રેન્યોસ' વિષય પર કાર્યશાળા યોજાઈ

અમરેલી,તા.૦૯



શાંતાબેન હરિભાઈ ગજેરા કેમ્પસ તથા અમરેલી જિલ્લા વિદ્યાસભા સંચાલિત કે. કે. પારેખ કોમર્સ કોલેજ ખાતે ચાલતા ઈનોવેશન ક્લબ અંતર્ગત 'સારથી એક્ટિવિટી સ્ટેજ ૦૨' અન્વયે "ફાઈનાન્સિયલ સપોર્ટ ફોર અર્લી સ્ટેજ એન્ટરપ્રેન્યોર્સ" વિષય પર એક દિવસીય કાર્યશાળાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમનું સંકલન ઈનોવેશન ક્લબ કોઓર્ડીનેટર ડો. એ. બી. ગોરવાડીયા દ્વારા કરવામાં આવ્યું હતું.

કાર્યશાળામાં એસ.બી.આઈ. લીડ બેંક મેનેજર પિયુષભાઈ શાહ ઉપસ્થિત રહ્યા હતા, જેમણે નવું ધંધાકીય સાહસ શરૂ કરવા માટે બેંક દ્વારા મળતા ફાઈનાન્સિયલ સપોર્ટ વિશે માહિતી આપી હતી. આ ઉપરાંત, ડીસ્ટ્રીક્ટ ઈન્ડસ્ટ્રીયલ સેન્ટર (DIC)માંથી હમરાજભાઈ જેતપુરા તથા સાગરભાઈ અમરેલીયાએ સરકાર દ્વારા એન્ટરપ્રેન્યોર્સ માટે ઉપલબ્ધ વિવિધ નાણાકીય સહાય યોજનાઓ વિશે તલસ્પર્શી માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. કાર્યક્રમના અંતે વિદ્યાર્થીઓ સાથે પ્રશ્નોત્તરી યોજવામાં આવી હતી, જેમાં સાચો જવાબ આપનાર વિદ્યાર્થીને ઈનામ આપવામાં આવ્યું હતું. આ તકે કોલેજના ઈન્ચાર્જ પ્રિન્સિપાલ ભારતીબેન ફિણવીયા, સિનિયર પ્રા. ડો. એ. જી. પટેલ, ડો. એમ. એમ. પટેલ અને પ્રો. જે. એમ. તળાવીયા ઉપસ્થિત રહ્યા હતા.

# રાજુલા તાલુકાના કોવાયા ગામે જુના મનદુ:ખમાં પ્રૌઢ પર બે શખ્સોનો હુમલો

**પ્રૌઢે બે શખ્સો સામે મરીન પીપાવાવ પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવી**

અમરેલી,તા.૦૯

રાજુલા તાલુકાના કોવાયા ગામે તા.૦૮/૦૨ના રોજ હનુમાનદાદાના મંદિર નજીક મારામારીની ઘટના સામે આવી છે. જેમાં ફરીયાદી દુલાભાઈ સાર્દુળભાઈ લાખણોત્રા એ પોલીસમાં ફરિયાદ નોંધાવી છે. ફરીયાદ મુજબ આરોપી નનાભાઈ ઉર્ફે કરણ રામભાઈ વાઘ અને જીણાભાઈ સાદુળભાઈ વાઘ (બંને રહે. કોવાયા)એ દુલાભાઈને બેફામ ગાળો આપી લાકડી તથા ઢીકાપાટુ વડે માર માર્યો હતો. આરોપી નનાભાઈને અગાઉ ડ્રગ્સ કેસમાં પંચાયત સભ્ય પદેથી સસ્પેન્ડ થયેલ હોવાનો ખાર રાખી હુમલો કરવામાં આવ્યો હતો. જેમાં સોનાની માળા પણ તૂટી ગઈ હતી તેમજ આરોપી નનાભાઈએ પ્રૌઢને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી.

# બગસરા ટાઉનમાંથી બેફિકરાઈભર્યુ વાહન ચલાવનાર સામે કાર્યવાહી

**બગસરા પોલીસ દ્વારા વધુ તપાસ હાથ ધરવામાં આવી**

અમરેલી,તા.૦૯

બગસરા ટાઉનમાં રવિવારે સવારે અમરેલી જિલ્લા ટ્રાફિક શાખાના એ.પી.સી. પૃથ્વીરાજસિંહ પરમારે બેફીકરાઈથી વાહન ચલાવતા પ્રતાપભાઈ નાગજીભાઈ ચારોલીયા (રહે. સમઢીયાળા) ને ઝડપી પાડ્યો હતો. આરોપી પોતાની બોલેરો **(GJ-01-DZ-9868)** પુરઝડપે અને લોકોની જિંદગી જોખમાય તે રીતે ચલાવતા મળી આવતા બગસરા પોલીસે ગુન્હો નોંધી એ.એસ. આઈ. પી.ડી. કળસરીયાએ વધુ તપાસ હાથ ધરી છે.

# સાવરકુંડલાના માનવ મંદિર આશ્રમે ૧૩૦મી મનોરોગી મહિલાનું સમાજમાં પુનઃસ્થાપન



તસવીર : સૌરભ દોશી

સાવરકુંડલા,તા.૦૯

સાવરકુંડલાના માનવ મંદિર મનોરોગી આશ્રમમાં છેલ્લા ૧૩ વર્ષથી ભક્તિબાપુ વિનામૂલ્યે દવા, દુઆ અને હવાના માધ્યમથી મનોરોગી બહેનોને પુનઃ જીવન પ્રાપ્ત કરવાનો પ્રયાસ કરી રહ્યા છે. આજે આશ્રમેથી ૧૩૦મી મનોરોગી બહેન સાજી થઈ જતા તેમના પરિવારને માહિતી મોકલાતા તેમના પિતા તેમની દીકરીને પરત લઈ ગયા હતા. ૨૬-૧૨-૨૦૨૩ના રોજ રાજકોટના માધાપર ગામની ઈલાબેન ગગજીભાઈ ડોડીયા નામની મનોરોગી મહિલાને માનવ મંદિરે પ્રવીણભાઈ ગગજીભાઈ ડોડીયા તેમજ અશ્વિનભાઈ ડોડીયા મૂકી ગયા હતા.


GST ઘટાડા સાથે આજે જ ટાયર ખરીદો

ફોર વ્હીલ કાર - બાઈક - એક્ટીવા ટ્રક - બસ - ઈકો - બોલેરો - કેરી વગેરેના ટાયર
10% GST ઘટાડા સાથે આજે જ ખરીદો

ટ્રેક્ટર - મીની ટ્રેક્ટર - સનેડો ખેતીને લગતા ટાયર
13% GST ઘટાડા સાથે આજે જ ખરીદો

અમારે ત્યાંથી સ્ટાન્ડર્ડ કંપનીના ટાયર-ટ્યુબ - ઓઈલ-ગ્રીસ વ્હીલ - પ્લેટ - ધરા - જેક - પાના-પકડ - વગેરે હોલસેલ - રીટેઈલ મળશે.

ફોરવ્હીલ કાર માટે 3D-એલાઈમેન્ટ - ડીઝીટલ હાઈસ્પીડ બેલેન્સીંગ, ટાયર ફીટીંગ - નાઈટ્રોજન એર - એક જ જગ્યાએ તમામ સર્વીસ ઉપલબ્ધ

સંજય ટાયર્સ

બસ સ્ટેશન રોડ, અજમેરા સ્કૂલ સામે, અમરેલી.

લાઠી બાયપાસ રોડ, સફારી પાર્ક, ટોયોટા શો-રૂમ પાસે, અમરેલી.


**//એક્ઝિક્યુટિવ મેજીસ્ટ્રેટ, અમરેલી ગ્રામ્યની કોર્ટમાં, અમરેલી//**

અપીલ રજી. નં.૩૩/૨૦૨૬

અરજદાર :- શ્રી તરુણભાઈ હમીરભાઈ ધોળકીયા
રહે.ચિતલ, તા. જી. અમરેલી

**વિરૂધ્ધ**

સામાવાળા :- જન્મ-મરણ નોંધણી અધિકારીશ્રી
- વ -
તલાટી - કમ - મંત્રીશ્રી, ગ્રામ પંચાયત કચેરી
મું.ચિતલ, તા. જી. અમરેલી

**-:: જાહેર નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી તાલુકાના ચિતલ ગામમાં અરજદાર શ્રી તરુણભાઈ હમીરભાઈ ધોળકીયા તેઓના બહેન ગીતાબેન હમીરભાઈ ધોળકીયાની જન્મ (તા.૦૭/૧૨/૧૯૭૨) ના રોજ થયેલ હોવાની નોંધ કરાવવા તેઓએ અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના જન્મ-મરણ રજીસ્ટરમાં નોંધ કરાવી આપવા સામે કોઈને પણ વાંધા તકરાર હોય તો તેમણે આ નોટીસ વર્તમાનપત્રમાં પ્રસિધ્ધ થયેથી એક માસમાં જાતે અથવા તેમના મુખત્યાર મારફત અત્રેની કોર્ટમાં વાંધા તકરાર સાથે હાજર રહેવુ. અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તા.૦૨/૦૨/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.

કોર્ટનો સિક્કો

સહી,
એક્ઝિક્યુટિવ મેજિસ્ટ્રેટ
અમરેલી ગ્રામ્ય


BLUE BUDDHA
Shopping With us can be very rewarding
END OF SEASON SALE
BUY 1 GET 1 FREE
Visit our shop today to avail Amazing Offer
SHOP NO. 30, NEW S.T. BUS STATION, AMRELI. (M) 74338 05806
▪મનિષ વાકોતર ▪વી.ડી. રાણપરીયા
www.bluebuddha.co.in | નોંધ : અમરેલીમાં અમારી બીજી કોઈ બ્રાંચ નથી.

સંકુલ ધો. ૧૧ સાયંસ ડેઈલી JEE-NEET ક્લાસ
સંકુલ ધો. ૧૨ સાયંસ ડેઈલી JEE-NEET ક્લાસ
શ્રી અમરેલી જિલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સુરત સંચાલિત
શ્રી લેઉવા પટેલ ટ્રસ્ટ સ્કૂલ કોલેજ હોસ્ટેલ
સ્થળ:-શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા શૈક્ષણિક સંકુલ(ગર્લ્સ),ચક્કરગઢ રોડ અમરેલી -Ad192

શું તમને સાંભળવાની તકલીફ છે ?
નિષ્ણાંત ઓડીયોલોજીસ્ટ દ્વારા બહેરાશની તપાસ
બહેરાશ પ્રમાણે કાનના મશીન ઉપલબ્ધ : વોટરપ્રુફ
રિચાર્જેબલ | બ્લુટૂથ ટેકનોલોજી | AI ટેકનોલોજી
બેસ્ટ સાઉન્ડ કવોલિટી | વ્યાજબી કિંમત
કાનની અંદરનું મશીન | કાનની પાછળનું મશીન
અવતાર
સ્પીચ અને હિયરીંગ ક્લિનીક
ગોલ્ડન પ્લાઝા, પૂજારા ટેલિકોમની ઉપર, અમરેલી. મો. 72650 63363

# રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના શતાબ્દી વર્ષ નિમિત્તે વડિયામાં હિન્દુ સંમેલનનું આયોજન: સમિતિની રચના કરાઈ

વડિયા, તા. ૦૯



રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (RSS)ની સ્થાપનાને ૧૦૦ વર્ષ પૂર્ણ થતાં સમગ્ર દેશમાં ઉજવાઈ રહેલા શતાબ્દી વર્ષ અંતર્ગત વડિયા ખાતે હિન્દુ સંમેલનની તૈયારીરૂપે એક મહત્વની બેઠક યોજાઈ હતી. કુંકાવાવ-વડિયા તાલુકાના વડિયા ગામે બેઠક મળી હતી.આ બેઠકમાં વડિયા મંડલના આજુબાજુના ૯ ગામના સામાજિક અને ધાર્મિક મંડળના આગેવાનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. બેઠકની શરૂઆત 'અવિરત આજ આપણી પૂર્ણ શતક સાધના..' સંઘ ગીતથી કરવામાં આવી હતી. ત્યારબાદ સૌરાષ્ટ્ર સંઘ પ્રાંત અધિકારી ગોવિંદભાઈ ટીંબડીયા દ્વારા માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. તેમણે તમામ પેટા સમાજનું પ્રતિનિધિત્વ જળવાય તે રીતે હિન્દુ સંમેલન સફળ બનાવવા અનુરોધ કર્યો હતો.બેઠકમાં સર્વાનુમતે હિન્દુ સંમેલન સમિતિની રચના કરવામાં આવી હતી, જેમાં અધ્યક્ષ તરીકે બહાદુરભાઈ ભેડાની વરણી કરવામાં આવી હતી. આ ઉપરાંત સચિવ, કોષાધ્યક્ષ અને કારોબારી સભ્યોની પણ ઘોષણા કરવામાં આવી હતી. આગામી તા. ૨૮/૦૨/૨૦૨૬ને શનિવારના રોજ સાંજે વડિયા મુકામે ભવ્ય હિન્દુ સંમેલન યોજવાનું નક્કી કરવામાં આવ્યું છે.

# સાવરકુંડલામાં ૫૧ દીકરીઓના સમૂહ લગ્ન: માનવતાનો અનોખો મહાકુંભ

સાવરકુંડલા,તા.૦૯



અમરેલી જિલ્લાના સાવરકુંડલામાં સેવા અને ભક્તિનો અદભૂત સંગમ જોવા મળ્યો. જય અલખધણી અને ગોપી મહિલા મંડળ દ્વારા આયોજિત ૫૧ જોડીઓના સમૂહ લગ્નોત્સવનું આયોજન મહંત શ્રી મસાપીર બાપુના માર્ગદર્શનમાં ભવ્યતાથી સંપન્ન થયું. વિજયભાઈ જાનીના શાસ્ત્રોક્ત મંત્રોચ્ચારથી ૫૧ નવદંપતીઓએ ગૃહસ્થાશ્રમમાં પગલા પાડ્યા હતા. મહંતશ્રીના આર્થિક સહયોગ અને આશીર્વાદથી દરેક દીકરીને પલંગ, કબાટ અને ઘરેલું સામાન સહિતનો ભવ્ય કરિયાવર અર્પણ કરાયો. આ પ્રસંગે ૨૦ હજારથી વધુ ભાવિકોએ મહાપ્રસાદ ગ્રહણ કર્યો. સામાજિક જવાબદારી નિભાવતા આયોજનમાં રક્તદાન કેમ્પ પણ યોજાયો, જેમાં યુવાનોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો. દીકરીઓની વિદાય વેળા ભાવુક વાતાવરણ સર્જાયું. સમિતિના સ્વયંસેવકોએ દિવસ-રાત મહેનત કરી આ કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

# અમરેલી સિટીમાં મારું કામ કેમ અટકાવે છે કહી ગાળો બોલી જાનથી મારી નાખવાની ધમકી

અમરેલી, તા. ૦૯

અમરેલી શહેરમાં સામાન્ય બાબતે બે શખ્સોએ એક યુવકને ફોન પર ગંભીર ધમકીઓ આપી હોવાનો કિસ્સો પ્રકાશમાં આવ્યો હતો. કામ અટકાવવા જેવી નજીવી બાબતે ઉશ્કેરાઈ જઈ શખ્સોએ ટાંટિયા ભાંગી નાખવાની અને જાનથી મારી નાખવાની ધમકી આપતા પોલીસ ફરિયાદ નોંધાઈ હતી. તેના મોબાઈલ નંબર પર આરોપીઓએ વારાફરતી ફોન કર્યા હતા. આરોપીએ તેને પૂછ્યું હતું કે, તું કેમ મારું કામ અટકાવે છે? તેમ કહી અચાનક ઉશ્કેરાઈ જઈ બિભત્સ ગાળો ભાંડી હતી. ત્યારબાદ બીજા આરોપી ફોન કરીને તેમને ડરાવતા કહ્યું હતું કે,તારે ટાંટિયા ભાંગવા લાગે છે. બંને આરોપીઓએ તેમને ફોન પર જ જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. અમરેલી સિટી પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ બી આર વાળા વધુ તપાસ કરી રહ્યા છે.

# રાજુલામાં ધોરણ-૧૨ પછીના ઉચ્ચ અભ્યાસ માટે વિદ્યાર્થિનીઓને GCAS એડમિશન અંગે માર્ગદર્શન અપાયું

રાજુલા,તા.૦૯



તસવીર : ગોપાલ રાઠોડ

રાજુલા સ્થિત ટી.જે.બી.એસ. ગર્લ્સ હાઈસ્કૂલ તથા એચ. બી. સંઘવી મહિલા કોલેજના સંયુક્ત ઉપક્રમે ધોરણ-૧૨ પૂર્ણ કર્યા બાદ ઉચ્ચ અભ્યાસ માટે પ્રવેશ મેળવવા ઈચ્છુક વિદ્યાર્થિની બહેનો માટે જીકાસ (GCAS) એડમિશન પ્રક્રિયા અંગે માર્ગદર્શન સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં નિષ્ણાત માર્ગદર્શકો દ્વારા વિદ્યાર્થિનીઓને કોલેજ પ્રવેશ માટેની ઓનલાઈન રજીસ્ટ્રેશન પ્રક્રિયા, દસ્તાવેજ અપલોડ કરવા, કોલેજ પસંદગી, મેરીટ લિસ્ટ તથા પ્રવેશના વિવિધ તબક્કાઓ અંગે વિગતવાર માહિતી આપવામાં આવી હતી. આ ઉપરાંત વિદ્યાર્થિનીઓના પ્રશ્નોના સંતોષકારક જવાબો આપી તેમને જરૂરી માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં મોટી સંખ્યામાં વિદ્યાર્થિનીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

# સાવરકુંડલા તાલુકાના પીઠવડી ગામે ફરિયાદના મનદુ:ખમાં શ્રમિક પર હુમલો

**લાડકાના બડીયા વડે હુમલો કરી જમણા પગમાં ઈજા કરી**

અમરેલી,તા.૦૯

સાવરકુંડલા તાલુકાના પીઠવડી ગામે ગઈકાલે સાંજે જૂની અદાવતને લઈ મારામારીની ઘટના બની હતી. ગામના જ કેશુભાઈ દુદાભાઈ મહિડા સામે ખેતમજૂરી કરતા ૨૪ વર્ષીય સુરેશભાઈ ધીરૂભાઈ મહિડાએ ફરિયાદ નોંધાવી છે. ફરિયાદ મુજબ, આશરે દસ મહિના પહેલા સુરેશભાઈના ભાઈ રોહિતે કેશુભાઈ વિરુદ્ધ પોલીસ ફરિયાદ કરી હતી. આ વાતનું મનદુ:ખ રાખી આરોપીએ ફરિયાદીને ગાળો આપી, લાકડાના બડીયા વડે હુમલો કરી જમણા પગે ઈજા પહોંચાડી હતી અને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. સાવરકુંડલા રૂરલ પોલીસ સ્ટેશનના એ.એસ.આઈ. આર.બી.મારૂએ ગુન્હો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# ખાંભા માર્કેટીંગ યાર્ડમાં દડો લેવા જતા બાળકને ઝાપટ મારી ગાળો આપી

**બાળકના કાકા સમજાવવા ગયા તો તેને પણ જાનથી મારી નાખવાની ધમકી મળી**

અમરેલી,તા.૦૯

ખાંભાના માર્કેટીંગ યાર્ડ નજીક ક્રિકેટ રમતા બાળકોનો દડો માર્કેટીંગ યાર્ડમાં જતા દડો લેવા બાળક જતા બાળકને ઝાપટ મારી ગાળો આપી હતી જેથી બાળકના કાકા સમજાવવા ગયા તો તેને પણ ગાળો આપી જાનથી મારી નાખવાની ધમકી આપવામાં આવતા પોલીસ ફરિયાદ નોંધાઈ છે. ખાંભા માર્કેટિંગ યાર્ડ પાસે રવિવારે બપોરે ક્રિકેટ રમવા જેવી સામાન્ય બાબતે મોટો વિવાદ સર્જાયો હતો. પોલીસ ફરિયાદ મુજબ, મહેશભાઈ મનુભાઈ પરમારનો ભત્રીજો યાર્ડ પાસે આવેલી લાલભાઈ ઉનાગરની જમીનમાં મિત્રો સાથે ક્રિકેટ રમી રહ્યો હતો. રમત દરમિયાન બોલ ઉછળીને માર્કેટિંગ યાર્ડની અંદર પડ્યો હતો. જ્યારે બાળક બોલ લેવા માટે યાર્ડમાં ગયો, ત્યારે ત્યાં હાજર આરોપી ભુપતભાઈ કીકરે તેને માથાના ભાગે ઝાપટ મારી ગાળો આપી હતી. આ બાબતે મહેશભાઈ જ્યારે સમજાવવા ગયા, ત્યારે આરોપીએ ઉશ્કેરાઈને તેમને પણ ગાળો આપી હતી અને 'હવે પછી યાર્ડમાં દેખાતા નહીં' તેમ કહી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. ખાંભા પોલીસે મહેશભાઈની ફરિયાદના આધારે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

**ગારીયાધાર ગામના ઈસમને રૂા.3000 આપ્યા બાદ ઉઘરાણી કરતા**

# લીલીયાના કાકચ ગામે ઉછીના રૂપિયા આપવા ભારે પડ્યા : ખેડૂતને પાઈપ ઝીક્યો

અમરેલી,તા.૦૯

લીલીયાના કાકચ ગામે રહેતા એક ખેડૂતને ઉછીના રૂપિયા આપવાનું ભારે પડ્યુ હતુ.

રૂા.૩૦૦૦ ઉછીના આપ્યા બાદ ઉઘરાણી કરતા ચાર શખ્સોએ એક સંપ થઈ ખેડૂત પર હુમલો કરી જાનથી મારી નાખવાની ધમકી આપતા પોલીસ ફરિયાદ નોંધાઈ છે.

લીલીયા તાલુકાના કાકચ ગામના રહેવાસી પરેશભાઈ કનુભાઈ ચૌહાણ (ઉ.વ. ૪૦) એ ગારીયાધારના ભરતભાઈ ઓધાભાઈ ગોહિલને રૂ. ૩,૦૦૦/- ઉછીના આપ્યા હતા. ગત તા. ૦૭/૦૨ના રોજ પરેશભાઈએ આ રકમની ઉઘરાણી કરતા ભરતભાઈ ઉશ્કેરાઈ ગયા હતા. ત્યારબાદ તા. ૦૮/૦૨ના રોજ બપોરે દોઢ વાગ્યે કાળુભાઈ વૈષ્ણવના મંડપ પાસે પરેશભાઈને બોલાવી, ભરતભાઈ સહિત ચાર શખ્સોએ ગાળો આપી હતી. તકરાર દરમિયાન આરોપી ભરતભાઈએ પરેશભાઈના માથાના ભાગે લોખંડનો પાઈપ ફટકારી ગંભીર ઈજા પહોંચાડી હતી, જેના કારણે તેમને ટાંકા આવ્યા હતા. અન્ય ત્રણ આરોપીઓ ઓધાભાઈ, વિનુભાઈ અને રમેશભાઈ ત્રણેય રહે. ગારીયાધારવાળાએ સાથે મળી 'હવે પૈસાની ઉઘરાણી કરીશ તો જાનથી મારી નાખીશું' તેવી ધમકી આપી હતી.લીલીયા પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ મહેશભાઈ મધુભાઈએ આ અંગે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

**હવે પૈસાની ઉઘરાણી કરીશ તો મારી નાખીશ તેમ કહી ધમકી પણ આપી**

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૮૨, તિથિ: આઠમ
તા.૧૦-૦૨-૨૦૨૬, મંગળવાર, સૂર્યોદય-૦૭:૨૬,
સૂર્યાસ્ત-૦૬:૦૬, જૈન નવકારશી-૮-૧૦,
નક્ષત્ર: વિશાખા

## દૈનિક રાશિફળ

તા.૧૦-૦૨-૨૦૨૬ મંગળવાર

મેષ: આજનો દિવસ તમારા માટે સારો છે.જો તમે કોઈ નવું કામ શરૂ કરવા જઇ રહ્યા છો તો અચાનક તમારી ફંડ સંબંધિત સમસ્યા પણ દૂર થઈ જશે.

વૃષભ: આજે વેપાર અને ધંધામાં જે ઉતાર ચઢાવ આવે છે તે હેન્ડલ કરવો જરૂરી છે. આજે તેઓ તમને નુકસાન પહોંચાડી શકે છે.

મિથુન: આજે પણ ધંધાની કેટલીક મૂંઝવણ તમને પરેશાન કરી શકે છે. જો તમે તમારો રસ્તો સરળ અને સીધો બનાવવા માગતા હોવ તો એવું કરો કે તાત્કાલિક લાભ મળે.

કર્ક: આજ સવારથી કંઈક વિચિત્ર વાતાવરણ રહેશે. દૈનિક ઘરના કામો પણ અમૂક અટકળો પછી જ પૂર્ણ થશે.

સિંહ: તમે શેર-બજારના મામલામાં ફસાઈને ઘણા પૈસા બગાડ્યા છો. આવી સ્થિતિમાં, તમારા માટે સારું રહેશે કે તમે જૂની ઘટનાઓથી શીખો.

કન્યા: તમારી કાર્ય કરવાની રીત નવી છે. કોઈપણ જટિલ કાર્ય સરળતાથી પૂર્ણ કરવામાં તમને બહુ સમય લાગતો નથી.

તુલા: આજે વધારે ખર્ચ થશે. કોઈ કારણસર અથવા બીજા કારણે બિનજરૂરી ખર્ચનો યોગ છે. આજે તમારે વ્યર્થ મુસાફરી પણ કરવી પડી શકે છે.

વૃશ્ચિક: આજે તમારા ઉપર કોઈ વિશેષ કાર્યનું દબાણ આવી શકે છે. આ માટે તમારે તમારા કામમાંથી થોડો સમય પણ આપવો પડી શકે છે.

ધન: આજે પૈસા કમાવવાના ઘણા રસ્તા ખુલશે. રોકાણમાં પણ લાભની સંભાવના છે. નહીં તો તમે મુશ્કેલીમાં મુકાઈ શકો છો.

મકર: કોઈપણ ખોટા કાર્યને જોયા પછી અવાજ ઉઠાવવાની તમારી આદત આજે તમને ભારે પડી શકે છે. પરંતુ તમારે નિરાશ થવાની જરૂર નથી.

કુંભ: લાંબા સમય સુધી સંઘર્ષ કર્યા પછી આજે તમને એકાંતમાં સમય પસાર કરવો ગમશે. તે તમારા માટે પણ યોગ્ય રહેશે.

મીન: આજે તમને કોઈ ખૂબ મહત્વનું ઓફિસનું કામ આપવામાં આવશે. તમે આ કાર્ય પૂર્ણ કરી શકશો કે નહીં તે વિચારવાના બદલે કાર્ય પૂર્ણ કરવાનો પ્રયાસ કરો.

**સંતાન સુખ પ્રાપ્ત ન થતા અને શરીરે જાડા હોવાથી સાસરીયા મેણાટોણા મારતા હતા**

# અમરેલીની પરિણીતાને ઉનામાં સાસરીયાઓ ઢીકા પાટુ મારતા ફરિયાદ

**પરિણીતાએ કંટાળી અમરેલી મહિલા પોલીસ સ્ટેશનમાં રાવ કરી**

અમરેલી,તા.૦૯

અમરેલીની પરિણીતાને ઉનામાં સાસરીયાઓએ જીવવુ દુષ્કર બનાવી દીધુ હતુ. સંતાન સુખ અને શરીરે મેણાટોણા મારી માનસિક ત્રાસ આપવામાં આવતા પરિણીતા હારી થાકી આખરે પોલીસ સ્ટેશન પહોંચી હતી.અમરેલીશહેરના હનુમાનપરા વિસ્તારમાં રહેતી ૩૪ વર્ષીય આરતીબેન કૃણાલભાઈ ઉપાધ્યાયે પોતાના પતિ, સાસુ અને સસરા વિરુદ્ધ માનસિક અને શારીરિક ત્રાસની ફરિયાદ અમરેલી મહિલા પોલીસ સ્ટેશનમાં નોંધાવી છે. ફરિયાદ અનુસાર, લગ્ન જીવનના આઠ વર્ષ દરમિયાન ઉના અને અમરેલી ખાતે પતિ કૃણાલભાઈ, સાસુ જ્યોત્સનાબેન અને સસરા રાજેશભાઈએ અવારનવાર ઘરકામ બાબતે તેમજ આરતીબેન શરીરે જાડા હોવા બાબતે મેણાટોણા માર્યા હતા. આ ઉપરાંત, સંતાન સુખ પ્રાપ્ત ન થવા બાબતે પણ માનસિક દુ:ખ આપી પતિએ મારપીટ કરી જાનથી મારી નાખવાની ધમકી આપી હોવાની અમરેલી પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવી છે.

# બાબરાના કરીયાણાથી દરેડ જવાના રસ્તે પત્તા ટીંચતા ચાર ઈસમો ઝડપાયા

અમરેલી,તા.૦૯

અમરેલી જિલ્લામાં શ્રાવણીયા જુગારની મોસમ જેવો માહોલ જામ્યો છે, ત્યારે બાબરા પોલીસ સ્ટેશનના સ્ટાફે બાતમીના આધારે કરીયાણાથી દરેડ જવાના રસ્તે જુગાર રમી રહેલા ઈસમો પર દરોડો પાડ્યો હતો.તા. ૦૮/૦૨/૨૦૨૬ના રોજ કરીયાણાથી દરેડ જવાના રસ્તે બપોરે કાળુભાર નદીના પટ્ટમાં આવેલ ચેકડેમ પાસે ખુલ્લી જગ્યામાં ગંજીપતા વડે હારજીતનો જુગાર રમી રહેલા મહેશભાઈ રાણીંગા, વલ્લભભાઈ વેજીયા, બીજલભાઈ કાગડ (રહે. ખંભાળા) અને લાલજીભાઈ ચાવડા (રહે. કરીયાણા) ને પોલીસે રંગેહાથ ઝડપી લીધા હતા.

પોલીસ કોન્સ્ટેબલ રાજુભાઈ ભુકણ અને હેડ કોન્સ. વાય.એચ. પરમાર સહિતની ટીમે સ્થળ પરથી રૂ. ૨,૮૪૦/- ની રોકડ રકમ તથા જુગારનું સાહિત્ય કબજે કર્યું છે. પોલીસે ચારેય ઈસમો વિરુદ્ધ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

**ફરીયાદીએ જાફરાબાદ મરીન પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવી**

# જાફરાબાદમાં પાણી છાંટવા જેવી સામાન્ય બાબતે પાઈપ-લાકડીઓ ઉછળ્યા, ૪ શખ્સો સામે ગુનો

**લોખંડના પાઈપ અને લાકડીઓ વડે આડેધડ માર મારવામાં આવતા ફરીયાદને હોસ્પિટલ ખસેડાયા**

અમરેલી,તા.૦૯

જાફરાબાદના સામાકાંઠા વિસ્તારમાં રહેતા ફરીયાદીના મકાનનું કામ ચાલુ હોય ત્યારે મકાનને પાણી છાંટતી વખતે પાણીના છાંટા પાડોશીના મકાન પર પડતા ચાર શખ્સોએ એક સંપ કરી ફરીયાદી પર લોખંડના પાઈપ અને લાકડીઓ વડે હુમલો કરતા ફરીયાદને સારવારમાં ખસેડવામાં આવ્યો હતો. જાફરાબાદના સામાકાંઠા વિસ્તારમાં પાણી છાંટવા જેવી સામાન્ય બાબતે થયેલી બોલાચાલીએ હિંસક સ્વરૂપ ધારણ કર્યું હતું. વાંકાતળિયા વિસ્તારમાં રહેતા મયુરભાઈ રાજેશભાઈ બારૈયાના મકાનનું કામ ચાલુ હતું, ત્યારે પાણી છાંટતી વખતે પાડોશીના ઘર પર છાંટા ઉડતા માથાકૂટ થઈ હતી. પાડોશીના મકાન પર પાણીના છાંટા ઉડતા નિલેશ ગણપત ટંડેલ, પ્રવિણ ગણપત ટંડેલ, રાજેશ અને અજય નામના શખ્સોએ હુમલો કર્યો હતો. નિલેશે લોખંડના પાઈપ વડે મયુરભાઈ પર હુમલો કર્યો, જ્યારે અન્ય શખ્સોએ લાકડીઓ વડે મયુરભાઈના મામા, માસા અને ભાઈને આડેધડ માર માર્યો હતો. ૦૮ ફેબ્રુઆરીના રોજ આ મામલે જાફરાબાદ મરીન પોલીસ મથકે ગુનો નોંધવામાં આવ્યો છે. એ.એસ. આઈ. એચ.પી. ગોહિલ વધુ તપાસ ચલાવી રહ્યા છે.

**ખેત મજૂરે આપઘાત કરી લેતા અમરેલી તાલુકા પોલીસે વધુ તપાસ હાથ ધરી**

# અમરેલીના માલવણ ગામે પાક નિષ્ફળ જવાની ભીતિએ ખેતમજૂરનો આપઘાત

**ખેતમજૂરે આપઘાત કરી લેતા ગ્રામ પંથકમાં અરેરાટી પ્રસરી**

અમરેલી,તા.૦૯

અમરેલીના માલવણ ગામમાં એક હૃદયદ્રાવક ઘટના સામે આવી છે.

ગામમાં ખેતમજૂરી કરતા ૪૦ વર્ષીય વનરાજભાઈ નાજાભાઈ છૈયાએ આર્થિક સંકડામણ અને ખેતીમાં નુકસાનના કારણે ઝેરી દવા પીને જીવન ટૂંકાવી લેતા અરેરાટી મચી જવા પામી હતી. મળતી માહિતી મુજબ, વનરાજભાઈને ચાલુ વર્ષે સિંગના પાકમાં ધાર્યા કરતા ઘણો ઓછો ઉતારો આવ્યો હતો અને ઘઉંનો પાક પણ નિષ્ફળ જવાની ભીતિ હતી. આ આર્થિક પાયમાલીથી વ્યથિત થઈ તેમણે ગત ૭ ફેબ્રુઆરીએ ઝેરી ટીકડા ખાઈ લીધા હતા. ગંભીર હાલતમાં સારવાર દરમિયાન ૮ ફેબ્રુઆરીના રોજ તેમનું મૃત્યુ નીપજ્યું હતું. મૃતકના ભાઈ વિક્રમભાઈ છૈયાએ આ અંગે અમરેલી તાલુકા પોલીસ સ્ટેશનમાં જાણ કરી હતી. હાલ હેડ કોન્સેબલ પી.આર. બાવળીયા અને કે.એચ. ટીલાવત આ મામલે વધુ તપાસ ચલાવી રહ્યા છે. ખેતમજૂરના આ પગલાથી ગ્રામ પંથકમાં અરેરાટી વ્યાપી ગઈ છે.

**તંત્રી લેખ**

# વૈશ્વિક એઆઈનુ એપી સેન્ટર હવે ભારતમાં

દિલ્હીમાં યોજાનારી ઈન્ડિયા-એઆઈ ઈમ્પેક્ટ સમિટ ૨૦૨૬ માત્ર એક આંતરરાષ્ટ્રીય સંમેલન નથી, પરંતુ ભારતની વૈશ્વિક ટેક્નોલોજી નેતૃત્વની દિશામાં એક ઐતિહાસિક પડાવ છે. દુનિયામાં આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ ઝડપથી અર્થતંત્ર, સમાજ અને શાસન વ્યવસ્થા નું સ્વરૂપ બદલી રહી છે ત્યારે ભારત આ ટેક્નોલોજીને માત્ર ચર્ચા સભા સુધી મર્યાદિત ન રાખી, જમીન સ્તર સામાન્ય લોકોની ભલાઈ માટે ઉપયોગમાં લાવવાની દિશામાં આગળ વધી રહ્યું છે. આ સમિટનો મૂળ આશય 'એઆઈ ફોર ગુડ'ના વિચારને સાકાર કરવાનો છે, જે તેને વૈશ્વિક સ્તરે વિશેષ બનાવે છે. નવી દિલ્હીના ભારત મંડપમમાં ૧૬થી ૨૦ ફેબ્રુઆરી દરમિયાન યોજાનારી આ સમિટમાં ૧૦૦થી વધુ દેશોના પ્રતિનિધિઓ ભાગ લેશે. તેમાં ૧૫થી ૨૦ દેશોના રાષ્ટ્રાધ્યક્ષો, ૫૦થી વધુ આંતરરાષ્ટ્રીય મંત્રીઓ અને ૪૦થી વધુ વૈશ્વિક તથા ભારતીય કંપનીઓના સીઈઓ હાજર રહે તેવી શક્યતા છે. ૧૦૦થી વધુ દેશોમાંથી મળેલા ૨૫૦થી વધુ સબમિશન્સ આ સમિટ પ્રત્યે વિશ્વભરના ઉત્સાહને દર્શાવે છે. કેન્દ્ર સરકારના જણાવ્યા મુજબ, આ અત્યાર સુધીનું દુનિયાનું સૌથી મોટું એઆઈ સંમેલન બની રહેશે, જે ભારતને વૈશ્વિક એઆઈ ચર્ચાના કેન્દ્રસ્થાને લઈ જશે. આઈટી મંત્રી અશ્વિની વૈષ્ણવે સ્પષ્ટ કર્યું છે કે ઈન્ડિયા-એઆઈ ઈમ્પેક્ટ સમિટ વૈશ્વિક એઆઈ એજન્ડા નિશ્ચિત કરતું મુખ્ય મંચ બની રહેશે. આ સમિટ માત્ર વિચારવિમર્શ પૂરતી નથી, પરંતુ નીતિ નિર્માણ, રોકાણ અને વાસ્તવિક ઉપયોગ વચ્ચે પુલ તરીકે કામ કરશે. અત્યાર સુધીમાં એઆઈ સંબંધિત સુવિધાઓ માટે અંદાજે ૭૦ અબજ ડોલરનું રોકાણ થઈ ચૂક્યું છે અને સમિટ પૂર્ણ થતાં સુધીમાં તે બમણું થવાની આશા વ્યક્ત કરવામાં આવી છે. આ આંકડા બતાવે છે કે એઆઈ માત્ર ભવિષ્યની ટેક્નોલોજી નહીં, પરંતુ વર્તમાનની આર્થિક શક્તિ બની ગઈ છે. સમિટના ત્રણ મુખ્ય સિદ્ધાંતો – લોકો, ધરતી અને પ્રગતિ – ભારતની વિચારસરણીને સ્પષ્ટ કરે છે. 'લોકો' એટલે માનવ કેન્દ્રિત એઆઈ, જેમાં ટેક્નોલોજી માનવીની જગ્યાએ નહીં પરંતુ માનવી સાથે મળીને કામ કરે. 'ધરતી' એટલે પર્યાવરણને ધ્યાનમાં રાખી, ઊર્જા-દક્ષ અને ટકાઉ એઆઈ સિસ્ટમ્સનો વિકાસ. જ્યારે 'પ્રગતિ'નો અર્થ છે સર્વસમાવેશક વિકાસ, જેમાં એઆઈનો લાભ માત્ર વિકસિત દેશો કે મોટી કંપનીઓ સુધી મર્યાદિત ન રહે, પરંતુ ગ્લોબલ સાઉથ અને વિકાસશીલ દેશોના સામાન્ય નાગરિક સુધી પહોંચે. આ સમિટનું વિશેષ મહત્વ એમાં છે કે તે રિસર્ચ, પોલિસી અને પ્રેક્ટિસ વચ્ચે સંવાદ સ્થાપિત કરે છે. સંશોધકો, નીતિ ઘડનારાઓ અને પ્રેક્ટિશનર્સ એક જ મંચ પર આવીને વાસ્તવિક સમસ્યાઓ માટે ઉકેલો શોધશે. આરોગ્ય, શિક્ષણ, કૃષિ, હવામાન પરિવર્તન, શહેરી આયોજન અને શાસન જેવી ક્ષેત્રોમાં એઆઈ કેવી રીતે પરિવર્તન લાવી શકે તે અંગે નક્કર ચર્ચાઓ થવાની છે. ખાસ કરીને ભારત અને ગ્લોબલ સાઉથના સંશોધકોને વૈશ્વિક મંચ પર પોતાની ફ્રન્ટિયર રિસર્ચ રજૂ કરવાની તક મળશે, જે વૈશ્વિક એઆઈ ચર્ચામાં નવી દૃષ્ટિ ઉમેરશે. એઆઈ સાથે જોડાયેલા પડકારો પણ એટલાં જ મહત્વપૂર્ણ છે. ડેટા પ્રાઈવસી, સાઈબર સિક્યુરિટી, અલ્ગોરિધમિક ભેદભાવ અને નોકરીઓ પર પડતી અસર જેવા મુદ્દાઓ પર જવાબદાર અને નૈતિક અભિગમ અપનાવવાની જરૂર છે. ઈન્ડિયા-એઆઈ ઈમ્પેક્ટ સમિટમાં સુરક્ષિત અને વિશ્વસનીય એઆઈ પર વિશેષ ભાર મૂકવામાં આવ્યો છે, જે દર્શાવે છે કે ભારત ટેક્નોલોજીના અંધ વિકાસ કરતાં સંતુલિત અને જવાબદાર વિકાસમાં વિશ્વાસ રાખે છે. આ સંમેલન ભારતની વૈશ્વિક છબીને પણ નવી ઊંચાઈ આપે છે.

# ચંદ્રયાન-૪ એટલે ઈસરોની શાનદાર સફળતા



**પ્રાસંગિક**

સુરેશ દેસાઈ

ભારતની અવકાશ સંશોધન સંસ્થા દર સપ્તાહે કંઈકને કંઈક નવા સંશોધનો કરીને દુનિયાને ચોકાવી દે છે. આ ઉપક્રમે ચંદ્રયાન ચારની મહત્વપૂર્ણ વિગતો અનુસાર ચંદ્રના સંશોધનમાં ઈસરો નવા આયામ સર કરશે જેને ચંદ્રયાન ચાર નામ આપવામાં આવ્યું છે. ભારતનું અંતરિક્ષ સંશોધન સતત નવા શિખરો સર કરી રહ્યું છે. ઈન્ડિયન સ્પેસ રિસર્ચ ઓર્ગેનાઈઝેશન એટલે કે ઈસરો એ પોતાના મિશનો દ્વારા વિશ્વમાં ભારતની વૈજ્ઞાનિક ક્ષમતાનો પરિચય આપ્યો છે. ચંદ્રયાન-૧ થી શરૂ થયેલી આ યાત્રા ચંદ્રયાન-૩ સુધી સફળતાપૂર્વક આગળ વધી છે. હવે ચંદ્રયાન-૪ મિશન ભારત માટે એક નવી ક્રાંતિ લઈને આવી રહ્યું છે. આ મિશન માત્ર ચંદ્ર પર ઉતરવાનું નથી, પરંતુ ત્યાંથી નમૂનાઓ લઈને પૃથ્વી પર પાછું ફરવાનું છે. આ ભારતનું પહેલું ચંદ્ર રિટર્ન મિશન બનવાનું છે. ચંદ્રયાન-૪ સાથે ઈસરોને મોટી સફળતા મળી છે. ચંદ્રયાન-૨ ના ઓર્બિટરની મદદથી ચંદ્રના દક્ષિણ ધ્રુવ પર યોગ્ય લેન્ડિંગ સ્થળ શોધી કાઢવામાં આવ્યું છે. આ સ્થાન શોધવું એ આ મિશનનો સૌથી મુશ્કેલ ભાગ હતો. દક્ષિણ ધ્રુવ વિસ્તાર ખૂબ જ અઘરો માનવામાં આવે છે. અહીં ખાડાઓ વધારે છે, પ્રકાશ ઓછો છે અને તાપમાનમાં ભારે ફેરફાર થાય છે. છતાં ઈસરોએ આ પડકારને સફળતાપૂર્વક પાર કર્યો છે. ઈસરોના સ્પેસ એપ્લિકેશન સેન્ટર દ્વારા કરવામાં આવેલા વિસ્તૃત અભ્યાસ પછી આશરે એક ચોરસ કિલોમીટરનો એવો પેચ ઓળખવામાં આવ્યો છે જ્યાં ચંદ્રયાન-૪ સુરક્ષિત રીતે ઉતરી શકે છે. આ અભ્યાસમાં ચંદ્રયાન-૨ ના ઓર્બિટરમાંથી લેવામાં આવેલી ઉચ્ચ ગુણવત્તાની છબીઓનો ઉપયોગ થયો છે. આ છબીઓએ ચંદ્રની સપાટીની બારીક માહિતી આપી છે. ખાડાઓ, ઢોળાણ, પથ્થરો અને પ્રકાશની સ્થિતિનું ચોક્કસ વિશ્લેષણ કરવામાં આવ્યું છે. આ સંશોધન કાર્યમાં ઈસરોના અનુભવી વૈજ્ઞાનિકો જોડાયેલા હતા. તેમણે અનેક સંભવિત સ્થળોનું મૂલ્યાંકન કર્યું. અંતે ચાર સ્થાનો પસંદ કરીને તેમનો ઊંડો અભ્યાસ કરવામાં આવ્યો. આમાંથી MM-૪ નામનું સ્થાન સૌથી વધુ સુરક્ષિત અને અનુકૂળ હોવાનું સામે આવ્યું છે. આ સ્થાન નોવિસ માઉન્ટેન પર્વતોની નજીક છે, પરંતુ પોતે ખૂબ જ સપાટ છે. અહીં મોટા ખાડાઓ નથી, જેના કારણે લેન્ડરને નુકસાન થવાનું જોખમ ઓછું છે. આ સ્થળનો એક મોટો ફાયદો એ છે કે અહીં પૂરતો સૂર્યપ્રકાશ મળે છે. સૂર્યપ્રકાશ મિશન માટે ખૂબ જરૂરી છે, કારણ કે લેન્ડર અને અન્ય ઉપકરણોને ઊર્જા સૂર્યથી જ મળે છે. દક્ષિણ ધ્રુવના ઘણા વિસ્તારો લાંબા સમય સુધી અંધારામાં રહે છે. પરંતુ MM-૪ વિસ્તારમાં પ્રકાશની સ્થિતિ સારી છે. આ કારણે તેને ઉત્તમ લેન્ડિંગ સ્થળ માનવામાં આવ્યું છે. ચંદ્રયાન-૪ મિશન રચનાની દ્રષ્ટિએ પણ ખૂબ જ ખાસ છે. આ મિશનમાં પ્રોપલ્શન મોડ્યુલ હશે, જે યાનને ચંદ્ર સુધી લઈ જશે. તેના ઉપરાંત ડિસેન્ડર મોડ્યુલ હશે, જે ચંદ્ર પર ઉતરશે. ચંદ્ર પર ઉતર્યા બાદ એસેન્ડર મોડ્યુલ કામ કરશે, જે નમૂનાઓ લઈને ફરી ઉડાન ભરીને ઉપર જશે. ટ્રાન્સફર મોડ્યુલ અને રીએન્ટ્રી મોડ્યુલ પણ આ સમગ્ર પ્રક્રિયામાં મહત્વની ભૂમિકા ભજવશે. અંતે રીએન્ટ્રી મોડ્યુલ પૃથ્વી પર સુરક્ષિત રીતે પાછું આવશે.

આ મિશનનો મુખ્ય ઉદ્દેશ્ય ચંદ્રની સપાટી પરથી માટી અને ખડકોના નમૂનાઓ એકત્રિત કરવાનો છે. આ નમૂનાઓને પૃથ્વી પર લાવીને વૈજ્ઞાનિક અભ્યાસ કરવામાં આવશે. ચંદ્ર પર ઉપલબ્ધ પદાર્થોની રચના, તેની ઉંમર અને તેના સંસાધનો વિશે વધુ ચોક્કસ માહિતી મળશે. ખાસ કરીને દક્ષિણ ધ્રુવ વિસ્તારમાં પાણી અથવા બરફ હોવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી છે. જો આ વાત સાબિત થાય તો ભવિષ્યના મિશનો માટે આ બહુ મોટી શોધ સાબિત થશે. ચંદ્રયાન-૩ મિશનની સફળતા પછી ઈસરોનો આત્મવિશ્વાસ ઘણો વધ્યો છે. ચંદ્રયાન-૩ એ ચંદ્રના દક્ષિણ ધ્રુવ નજીક સફળ લેન્ડિંગ કરીને ઈતિહાસ રચ્યો હતો. આ સફળતાએ ઈસરોને વધુ મુશ્કેલ અને મહત્ત્વાકાંક્ષી મિશન હાથ ધરવા માટે પ્રેરણા આપી છે. ચંદ્રયાન-૪ એ એ જ શ્રેણીમાં આગળનું topics પગલું છે. ચંદ્રયાન-૪ માત્ર વૈજ્ઞાનિક મિશન નથી, પરંતુ ભારતના ભવિષ્ય માટે વ્યૂહાત્મક દ્રષ્ટિએ પણ મહત્વનું છે. જો આ મિશન સફળતાપૂર્વક પૃથ્વી પર પરત ફરશે, તો તે માનવ મિશન માટે માર્ગ તૈયાર કરશે. ચંદ્ર પર માનવ મોકલવાનો ભારતનો સપનો આ મિશનથી વધુ નજીક આવશે. નમૂનાઓ લાવવાની પ્રક્રિયા માનવ મિશન માટે જરૂરી ટેકનોલોજી અને અનુભવ પ્રદાન કરશે. આ મિશન ભારતને વૈશ્વિક અંતરિક્ષ શક્તિ તરીકે વધુ મજબૂત બનાવશે. અત્યાર સુધી માત્ર થોડા દેશોએ જ ચંદ્ર પરથી નમૂનાઓ લાવીને પૃથ્વી પર પરત ફરવાની સિદ્ધિ હાંસલ કરી છે. જો ભારત આ યાદીમાં સામેલ થાય તો તે દેશ માટે ગૌરવની ક્ષણ હશે. આ સફળતા વિશ્વભરમાં ભારતની વૈજ્ઞાનિક પ્રતિષ્ઠા વધારશે. ચંદ્રયાન-૪ જે વિસ્તારમાં ઉતરશે તે શિવ-શક્તિ બિંદુથી પણ બહુ દૂર નથી. શિવ-શક્તિ બિંદુને ચંદ્રયાન-૩ ના લેન્ડિંગ સ્થળ તરીકે ઓળખવામાં આવે છે. આ સમગ્ર વિસ્તાર વૈજ્ઞાનિક રીતે ખૂબ મહત્વનો છે. અહીંના ખાડાઓની નજીકના વિસ્તારોમાં સદાય અંધારું રહે છે. આવી જગ્યાઓમાં પાણીના અણુઓ જમાવટ પામી શકે છે. આ કારણથી વૈજ્ઞાનિકો આ વિસ્તારમાં વિશેષ રસ લઈ રહ્યા છે. આ મિશનથી મેળવેલા નમૂનાઓ માત્ર ચંદ્ર વિશે જ નહીં, પરંતુ સૂર્યમંડળના પ્રારંભિક સમય વિશે પણ માહિતી આપશે. ચંદ્રની રચના પૃથ્વી સાથે સંકળાયેલી માનવામાં આવે છે. તેથી ચંદ્રના નમૂનાઓનો અભ્યાસ કરીને પૃથ્વીના પ્રારંભિક ઈતિહાસને પણ સમજવામાં મદદ મળશે.

આ વૈજ્ઞાનિક દ્રષ્ટિએ એક મોટું યોગદાન હશે. ચંદ્રયાન-૪ એ ભારતના યુવા વૈજ્ઞાનિકો અને ઈજનેરો માટે પણ પ્રેરણાસ્ત્રોત બનશે. આ મિશન બતાવે છે કે સંયમ, મહેનત અને વૈજ્ઞાનિક વિચારધારાથી કોઈપણ અઘરો પડકાર પાર કરી શકાય છે. ભારત જેવી વિકાસશીલ દેશે પણ ઉચ્ચ સ્તરની અંતરિક્ષ ટેકનોલોજી વિકસાવી શકે છે, એ વાત આ મિશનથી સાબિત થાય છે. આ સમગ્ર પ્રક્રિયામાં દેશની અંદર વિકસિત ટેકનોલોજીનો ઉપયોગ થવાનો છે. મેક ઈન ઈન્ડિયા અને આત્મનિર્ભર ભારતના વિચારને આ મિશન વધુ મજબૂત બનાવશે. ઉપગ્રહ ટેકનોલોજી, નેવિગેશન, રોબોટિક્સ અને ડેટા વિશ્લેષણ જેવા ક્ષેત્રોમાં દેશને નવો અનુભવ મળશે. અંતે કહી શકાય કે ચંદ્રયાન-૪ મિશન ભારત માટે એક ઐતિહાસિક પડાવ છે. આ મિશન ચંદ્ર પર ઉતરવાથી આગળ વધી પૃથ્વી પર પરત ફરવાની વાત કરે છે. વૈજ્ઞાનિક દ્રષ્ટિએ, ટેકનોલોજીકલ ક્ષમતાની દ્રષ્ટિએ અને રાષ્ટ્રીય ગૌરવની દ્રષ્ટિએ આ મિશન અત્યંત મહત્વનું છે. જો ચંદ્રયાન-૪ સફળ થશે, તો તે ભારતને અંતરિક્ષ સંશોધનના નવા યુગમાં લઈ જશે. ચંદ્રથી પૃથ્વી સુધીની આ યાત્રા ભારતની વૈજ્ઞાનિક શક્તિનો વિશ્વને સંદેશ આપશે.

# સૌરાષ્ટ્ર માર્કેટિંગયાર્ડ

**રાજકોટ**

| | | |
|---|---|---|
| કપાસ બી.ટી. | ૧૪૦૦ | ૧૬૧૬ |
| ઘઉં લોકવન | ૪૯૫ | ૫૩૦ |
| ઘઉં ટુકડા | ૫૦૦ | ૫૬૦ |
| જુવાર સફેદ | ૮૭૦ | ૧૧૬૧ |
| બાજરી | ૨૦૦ | ૩૮૫ |
| તુવેર | ૧૦૫૦ | ૧૬૨૧ |
| ચણા પીળા | ૯૦૦ | ૧૦૯૨ |
| ચણા સફેદ | ૧૧૨૫ | ૧૮૪૦ |
| અડદ | ૯૭૫ | ૧૬૭૫ |
| મગ | ૫૦૦ | ૧૮૦૧ |
| વાલ દેશી | ૯૦૦ | ૧૨૪૦ |
| ચોળી | ૧૧૧૦ | ૧૬૫૫ |
| મઠ | ૩૫૦ | ૨૧૦૧ |
| વટાણા | ૪૦૦ | ૧૫૫૦ |
| મગફળી જાડી | ૧૩૨૧ | ૧૫૫૫ |
| મગફળી જીણી | ૧૩૧૧ | ૧૫૭૫ |
| તલી | ૧૪૫૦ | ૨૧૨૦ |
| એરંડા | ૧૧૨૦ | ૧૨૬૩ |
| અજમો | ૧૨૪૦ | ૨૬૦૦ |
| સુવા | ૧૩૦૦ | ૧૬૮૦ |
| સોયાબીન | ૯૫૦ | ૧૦૮૧ |
| સીંગફાડા | ૧૩૦૦ | ૧૭૦૦ |
| કાળા તલ | ૨૮૦૦ | ૪૬૦૦ |
| લસણ | ૧૦૫૦ | ૧૪૦૦ |
| ધાણા | ૧૪૫૦ | ૨૦૨૦ |
| મરચા સુકા | ૩૫૦૦ | ૬૦૦૦ |
| ધાણી | ૧૫૮૦ | ૨૩૨૦ |
| વરીયાળી | ૧૧૦૦ | ૧૪૨૦ |
| જીરૂ | ૩૭૨૦ | ૪૬૫૦ |
| રાય | ૧૦૪૦ | ૧૪૪૦ |
| મેથી | ૮૦૦ | ૧૧૯૪ |
| ઇસબગુલ | ૧૪૦૦ | ૨૧૬૦ |
| રાયડો | ૯૦૦ | ૧૨૫૦ |
| રજકાનું બી | ૩૬૦૦ | ૫૮૦૦ |

**રાજકોટ (શાકભાજી)**

| | | |
|---|---|---|
| લીંબુ | ૩૩૧ | ૭૧૪ |
| પપૈયા | ૭૭ | ૧૩૬ |
| બટેટા | ૯૭ | ૧૮૪ |
| ડુંગળી સુકી | ૬૨ | ૨૭૬ |
| ટમેટા | ૧૦૮ | ૨૨૯ |
| સુરણ | ૬૧૩ | ૮૦૯ |
| કોથમરી | ૧૧૭ | ૧૭૩ |
| સકરીયા | ૩૨૬ | ૪૯૮ |
| મુળા | ૩૩૩ | ૫૨૪ |
| રીંગણા | ૨૪૩ | ૭૫૬ |
| કોબીજ | ૪૨ | ૧૨૧ |
| ફ્લાવર | ૧૬૪ | ૨૫૪ |
| ભીંડો | ૬૯૮ | ૧૦૧૪ |
| ગુવાર | ૧૧૦૬ | ૨૧૦૭ |
| ચોળાસીંગ | ૯૯૬ | ૧૪૨૧ |
| વાલોળ | ૩૦૭ | ૫૧૩ |
| ટીંડોળા | ૫૨૪ | ૧૦૨૯ |
| દુધી | ૨૦૮ | ૫૧૪ |
| કારેલા | ૬૯૧ | ૯૧૪ |
| સરગવો | ૭૪૩ | ૧૨૯૨ |
| તુરીયા | ૯૮૯ | ૧૩૧૭ |
| પરવર | ૧૬૪૮ | ૧૯૫૩ |
| કાકડી | ૨૧૬ | ૭૨૪ |
| ગાજર | ૨૨૭ | ૩૪૬ |
| વટાણા | ૩૧૧ | ૪૭૭ |
| તુવેરસીંગ | ૩૨૮ | ૫૪૬ |
| ગલકા | ૬૦૭ | ૮૧૪ |
| બીટ | ૧૨૮ | ૨૩૬ |
| મેથી | ૧૫૮ | ૨૧૬ |
| વાલ | ૬૫૩ | ૮૦૭ |
| ડુંગળી લીલી | ૨૭૭ | ૪૦૯ |
| આદુ | ૧૦૩૬ | ૧૩૨૪ |
| ચણા લીલા | ૧૧૨ | ૨૬૩ |
| મરચા લીલા | ૪૧૬ | ૬૦૮ |
| હળદર લીલી | ૪૨૪ | ૬૩૩ |
| લસણ લીલું | ૬૧૩ | ૯૧૭ |
| મકાઇ લીલી | ૧૪૪ | ૨૭૭ |

**ગોંડલ**

| | | |
|---|---|---|
| કપાસ | ૧૦૦૧ | ૧૫૮૧ |
| ઘઉં લોકવન | ૪૭૦ | ૫૧૪ |
| ઘઉં ટુકડા | ૪૩૬ | ૬૦૪ |
| મગફળી જીણી | ૧૦૫૧ | ૧૫૪૧ |
| સિંગ ફાડીયા | ૭૦૦ | ૧૭૦૧ |
| એરંડા / એરંડી | ૧૧૦૧ | ૧૨૯૬ |
| જીરૂ | ૨૨૦૧ | ૪૫૬૧ |
| ક્લંજી | ૨૦૦૦ | ૪૬૦૧ |
| ધાણા | ૧૦૦૧ | ૨૨૫૧ |
| મરચા સૂકા પટ્ટો | ૧૮૫૧ | ૯૦૦૧ |
| લસણ સુકું | ૭૦૧ | ૧૭૩૧ |
| ડુંગળી લાલ | ૭૧ | ૩૦૧ |
| અડદ | ૧૦૦૧ | ૧૭૭૧ |
| તુવેર | ૧૧૫૧ | ૧૬૮૧ |
| રાયડો | ૧૦૯૧ | ૧૧૩૧ |
| મેથી | ૫૭૬ | ૧૨૫૧ |
| કાંગ | ૪૦૧ | ૬૧૧ |
| મરચા | ૧૫૦૧ | ૮૧૦૧ |
| મગફળી જાડી | ૧૦૦૦ | ૧૫૧૬ |
| નવું જીરૂ | ૩૦૦૦ | ૫૧૧૧ |
| નવું લસણ | ૮૯૧ | ૯૫૧ |
| સફેદ ચણા | ૧૦૫૧ | ૧૯૧૧ |
| મગફળી ૬૬ | ૧૦૫૦ | ૧૪૮૧ |
| તલ - તલી | ૧૩૦૦ | ૨૧૩૧ |
| ધાણી | ૧૧૦૧ | ૨૫૭૬ |
| ડુંગળી સફેદ | ૧૮૬ | ૨૯૧ |
| મકાઇ | ૨૯૧ | ૩૬૧ |
| મગ | ૫૭૬ | ૧૯૦૧ |
| ચણા | ૯૫૧ | ૧૧૦૬ |
| વાલ | ૬૦૧ | ૧૦૯૧ |
| ચોળા / ચોળી | ૪૭૬ | ૧૨૪૧ |
| સોયાબીન | ૯૫૧ | ૧૦૮૧ |
| ગોગળી | ૯૯૧ | ૧૨૪૧ |

**ગોંડલ (શાકભાજી)**

| | | |
|---|---|---|
| ટમેટા | ૪૦ | ૩૦૦ |
| મરચા | ૨૦૦ | ૧૬૦૦ |
| ગુવાર | ૩૮૦ | ૨૦૦૦ |
| કોબી | ૪૦ | ૨૦૦ |
| દુધી | ૬૦ | ૨૪૦ |
| ફ્લાવર | ૫૦ | ૩૦૦ |
| કાકડી | ૧૮૦ | ૬૦૦ |
| રીંગણા | ૧૦૦ | ૭૦૦ |
| ભીંડો | ૩૦૦ | ૮૦૦ |
| ગલકા | ૧૪૦ | ૫૦૦ |
| ગાજર | ૧૬૦ | ૪૦૦ |
| ટિંડોરા | ૩૦૦ | ૮૦૦ |
| તુવેર | ૨૦૦ | ૬૦૦ |
| વાલ | ૪૦૦ | ૯૦૦ |
| વટાણા | ૩૬૦ | ૬૦૦ |
| શક્કરીયા | ૨૦૦ | ૫૦૦ |
| કેરી કાચી | ૩૦૦૦ | ૩૬૦૦ |
| બટેટા | ૧૦૦ | ૨૫૦ |
| લીલી હળદર | ૬૦૦ | ૮૦૦ |
| ડુંગળી પુરા | ૧ | ૫ |
| તાંજરીયા પુરા | ૧ | ૩ |
| કોથમીર પુરા | ૧ | ૩ |
| મૂળા પુરા | ૩ | ૧૦ |
| ફોદીનો પુરા | ૨ | ૩ |
| કાચા કેળા | ૧૦૦ | ૨૦૦ |
| પચકારુ | ૨૦૦ | ૨૪૦ |
| ચૂર્ણ | ૭૮૦ | ૧૦૦૦ |
| ઘીસોડા | ૩૦૦ | ૮૦૦ |
| લીંબુ | ૧૮૦ | ૭૦૦ |
| મેથી પુરા | ૧ | ૬ |
| બીટ પુરા | ૫ | ૧૨ |
| સરગવો પુરા | ૧૦ | ૨૫ |
| ચોરા | ૨૦૦ | ૧૨૦૦ |
| વાલોર | ૧૦૦ | ૫૦૦ |
| કાચા પોપૈયા | ૬૦ | ૨૦૦ |
| આદુ | ૭૮૦ | ૧૪૦૦ |
| મકાઈ ડોડા | ૨૦૦ | ૩૦૦ |
| લસણ પુરા | ૨ | ૬ |
| પાલક પુરા | ૧ | ૩ |

**અમરેલી**

| | | |
|---|---|---|
| શિંગ મઠડી | ૯૧૦ | ૧૫૪૫ |
| શિંગ ૬૬ ન | ૧૨૦૦ | ૧૨૦૦ |
| શિંગ ગીરનાર | ૧૩૩૦ | ૧૫૨૫ |
| શિંગ મોટી | ૯૦૦ | ૧૫૭૫ |
| શિંગદાણા | ૧૧૧૦ | ૧૭૮૦ |
| શિંગદાણા ફાડા | ૧૩૬૦ | ૧૯૨૫ |
| તલ સફેદ | ૧૬૩૦ | ૨૧૬૦ |
| તલ કાળા | ૧૫૦૦ | ૪૦૪૦ |
| બાજરો | ૪૬૦ | ૪૬૦ |
| ઘઉં ટુકડા | ૪૩૦ | ૬૩૦ |
| ઘઉં લોકવન | ૪૦૦ | ૫૨૦ |
| મકાઈ | ૩૨૫ | ૩૪૫ |
| અડદ | ૮૦૦ | ૧૨૯૦ |
| ચણા | ૭૦૦ | ૧૦૮૫ |
| છોલે ચણા | ૧૪૧૫ | ૧૪૧૫ |
| તુવેર | ૭૭૦ | ૧૬૦૫ |
| કપાસ | ૯૩૦ | ૧૬૨૦ |
| એરંડા | ૧૦૫૫ | ૧૨૬૫ |
| જીરૂ | ૩૩૫૦ | ૪૪૮૦ |
| રાયડો | ૯૫૦ | ૧૦૮૦ |
| ગમ ગુવાર | ૯૭૦ | ૯૮૦ |
| ધાણા | ૧૩૮૫ | ૧૯૧૦ |
| ધાણી | ૧૪૦૦ | ૨૨૮૦ |
| અજમા | ૨૦૫૦ | ૨૩૦૦ |
| સોયાબીન | ૯૭૫ | ૧૦૭૫ |
| મરચા લાંબા | ૧૩૦૦ | ૯૦૦૦ |

**અમરેલી (શાકભાજી)**

| | | |
|---|---|---|
| બટેટા | ૧૫૦ | ૨૪૦ |
| રીંગણા | ૫૮૦ | ૭૦૦ |
| ફ્લાવર | ૨૨૦ | ૩૩૦ |
| કોબીજ | ૧૫૦ | ૧૭૦ |
| શક્કરીયા | ૪૦૦ | ૪૮૦ |
| ટમેટાં | ૧૦૦ | ૨૫૦ |
| સુરણ | ૮૦૦ | ૯૫૦ |
| ગાજર | ૩૦૦ | ૩૬૦ |
| દુધી | ૨૦૦ | ૨૮૦ |
| કારેલા | ૮૦૦ | ૯૦૦ |
| ગલકા | ૬૦૦ | ૮૦૦ |
| મૂળા | ૧૦૦ | ૨૦૦ |
| કાકડી | ૨૦૦ | ૬૦૦ |
| ગુવાર | ૧૭૫૦ | ૨૨૦૦ |
| વાલોળ | ૩૦૦ | ૪૦૦ |
| વટાણા | ૪૪૦ | ૪૬૦ |
| ચોળા લીલા | ૮૦૦ | ૯૩૦ |
| તુરીયા | ૬૦૦ | ૮૦૦ |
| આમળા | ૯૦૦ | ૧૧૦૦ |
| ચણા લીલાં | ૮૦૦ | ૯૦૦ |
| ભીંડો | ૫૦૦ | ૬૫૦ |
| મકાઈ | ૨૩૦ | ૩૦૦ |
| આદુ | ૧૧૦૦ | ૧૩૦૦ |
| કોથમીર | ૧૦૦ | ૨૦૦ |
| મેથીભાજી | ૨૦૦ | ૨૫૦ |
| ફોદીનો | ૬૦૦ | ૭૦૦ |
| ટીંડોરા | ૮૦૦ | ૯૦૦ |
| બીટ | ૨૦૦ | ૨૮૦ |
| તુવેર | ૬૦૦ | ૭૦૦ |
| સરગવો | ૮૦૦ | ૧૦૦૦ |
| લીમડો મીઠો | ૧૯૦ | ૨૧૦ |
| મરચાં લીલાં | ૫૦૦ | ૧૦૦૦ |
| મરચાં લાલ | ૧૩૦૦ | ૧૪૦૦ |
| ડુંગળી લીલી | ૩૦૦ | ૪૦૦ |
| ડુંગળી સુકી | ૧૧૦ | ૩૨૦ |
| લસણ લીલું | ૬૦૦ | ૧૦૦૦ |
| લસણ સુકું | ૬૫૦ | ૨૧૫૦ |
| પાલક | ૩૦૦ | ૪૦૦ |
| લીંબુ | ૪૦૦ | ૮૦૦ |
| વાલ | ૪૦૦ | ૫૦૦ |

**સાવરકુંડલા**

| | | |
|---|---|---|
| શીંગ જીણી | ૧૩૦૦ | ૧૫૭૦ |
| શીંગ મોટી | ૧૩૫૦ | ૧૬૪૫ |
| તલ સફેદ | ૧૭૨૬ | ૧૯૭૫ |
| તલ કાળા | ૨૭૦૦ | ૪૬૬૭ |
| જીરૂ | ૩૮૬૦ | ૪૩૩૦ |
| કપાસ | ૧૩૦૦ | ૧૬૧૪ |
| ઘઉં લોકવન | ૪૬૫ | ૫૩૫ |
| ઘઉં ટુકડા | ૫૦૦ | ૫૮૧ |
| જુવાર | ૯૫૦ | ૧૧૬૦ |
| અડદ | ૮૦૦ | ૧૩૭૫ |
| ચણા | ૯૩૦ | ૧૧૩૦ |
| તુવેર | ૧૨૫૦ | ૧૫૭૧ |
| એરંડી | ૧૧૦૦ | ૧૨૭૦ |
| ધાણા | ૧૩૦૦ | ૨૦૦૧ |

**ધારી**

| | | |
|---|---|---|
| કપાસ | ૧૦૦૦ | ૧૫૦૦ |
| મગફળી | ૯૦૫ | ૧૩૦૦ |
| ઘઉં | ૪૬૦ | ૪૭૬ |
| ચણા | ૯૬૦ | ૧૦૪૦ |
| છોલે ચણા | ૧૩૦૦ | ૧૩૦૦ |
| તુવેર સફેદ | ૧૦૧૦ | ૧૫૦૭ |
| તુવેર લાલ | ૧૨૦૦ | ૧૪૦૦ |
| ધાણા | ૧૬૧૫ | ૧૬૧૫ |
| બાજરો | ૩૦૦ | ૩૦૦ |
| શીંગ દાણા | ૧૩૦૦ | ૧૪૪૦ |
| મેથી | ૧૦૩૫ | ૧૦૩૫ |
| સોયાબીન | ૯૩૧ | ૯૯૦ |

**બગસરા**

| | | |
|---|---|---|
| કપાસ | ૧૨૦૦ | ૧૬૦૮ |
| ઘઉં લોકવન | ૩૬૨ | ૫૩૦ |
| ઘઉં ટુકડા | ૪૮૦ | ૫૨૨ |
| ચણા | ૭૮૦ | ૧૦૨૨ |
| ધાણા | ૧૫૩૫ | ૧૭૦૫ |
| અડદ | ૧૦૦૦ | ૧૦૦૦ |
| સોયાબીન | ૯૦૦ | ૧૦૩૨ |
| મગફળી | ૧૦૦૦ | ૧૪૫૦ |
| તુવેર | ૯૨૦ | ૧૪૨૦ |
| શીંગ દાણા | ૧૨૮૦ | ૧૫૭૦ |
| ચણા સફેદ | ૧૦૧૬ | ૧૦૧૬ |
| લસણ | ૩૧૫ | ૩૧૫ |
| કાંગ | ૫૨૫ | ૫૨૫ |
| મેથી | ૬૨૦ | ૬૨૦ |
| તલ સફેદ | ૧૭૩૦ | ૧૭૯૦ |

**રાજુલા**

| | | |
|---|---|---|
| શીંગ | ૧૧૦૦ | ૧૩૦૦ |
| તલ સફેદ | ૧૨૦૦ | ૨૧૦૦ |
| તલ કાળા | ૨૧૦૦ | ૩૨૦૦ |
| કપાસ | ૧૨૩૬ | ૧૬૧૬ |
| બાજરો | ૩૭૦ | ૩૭૦ |
| ઘઉં ટુકડા | ૪૨૬ | ૫૪૧ |
| જુવાર | ૪૭૫ | ૮૮૦ |
| મગ | ૧૦૦૦ | ૧૦૦૦ |
| તુવેર | ૧૨૦૧ | ૧૪૦૦ |
| ચણા | ૮૫૦ | ૯૦૧ |
| સોયાબીન | ૧૦૩૫ | ૧૦૩૫ |

**બાબરા**

| | | |
|---|---|---|
| કપાસ શંકર | ૧૪૩૦ | ૧૬૩૫ |
| કપાસ મીડીયમ | ૧૨૮૦ | ૧૩૯૦ |
| મગફળી | ૧૧૭૦ | ૧૪૫૦ |
| તલ સફેદ | ૧૫૯૦ | ૧૮૮૦ |
| ધાણા | ૯૬૦ | ૧૮૬૨ |
| જીરૂ | ૩૨૧૦ | ૪૩૨૫ |
| ઘઉં | ૪૭૦ | ૫૪૫ |
| ચણા | ૯૨૦ | ૧૦૭૨ |
| તુવેર | ૯૫૦ | ૧૫૬૧ |

**મોટા લીલીયા**

| | | |
|---|---|---|
| કપાસ | ૧૧૧૫ | ૧૫૭૯ |
| કપાસ સી ગ્રેડ | ૪૫૦ | ૧૦૦૦ |

**ભેંસાણ**

| | | |
|---|---|---|
| કપાસ | ૧૦૦૦ | ૧૫૯૬ |
| ઘઉં | ૪૦૦ | ૫૨૪ |
| ચણા | ૯૦૦ | ૧૦૧૧ |
| અડદ | ૧૦૦૦ | ૧૫૩૬ |
| તુવેર | ૧૨૦૧ | ૧૫૩૧ |
| મગફળી | ૧૦૦૧ | ૧૪૦૧ |
| શીંગ ફાડા | ૧૫૦૧ | ૧૬૧૬ |
| તલ સફેદ | ૧૫૦૦ | ૨૦૫૧ |
| જીરૂ | ૩૫૦૦ | ૪૧૪૧ |
| ધાણા | ૧૫૦૦ | ૧૯૬૧ |
| સોયાબીન | ૯૫૧ | ૧૦૭૬ |

**મહુવા**

| | | |
|---|---|---|
| શીંગ ૩૨ | ૧૩૦૧ | ૧૪૫૦ |
| શીંગ ૩૯ | ૧૩૭૧ | ૧૪૫૦ |
| શીંગ જી-૨૦ | ૧૩૫૦ | ૧૫૦૦ |
| એરંડા | ૧૨૧૦ | ૧૨૧૦ |
| જુવાર | ૬૧૨ | ૧૦૦૧ |
| બાજરી | ૩૬૧ | ૬૭૪ |
| ઘઉં ટુકડા | ૪૭૦ | ૬૦૩ |
| મગ | ૬૦૧ | ૨૯૦૦ |
| સોયાબીન | ૧૦૮૧ | ૧૦૮૧ |
| ચણા | ૮૫૧ | ૧૧૩૫ |
| તલ પુરબીયા | ૧૭૯૩ | ૧૮૫૦ |
| તલ કાળા | ૩૩૦૦ | ૪૨૬૦ |
| તુવેર | ૯૬૦ | ૧૬૦૦ |
| અજમા | ૧૯૦૦ | ૧૯૦૦ |
| ડુંગળી લાલ | ૧૦૦ | ૩૦૯ |
| ડુંગળી સફેદ | ૨૦૮ | ૩૯૯ |
| કપાસ શંકર | ૧૨૧૨ | ૧૪૧૨ |
| નાળીયેર | ૩૬૨ | ૨૩૧૫ |

**કોડીનાર**

| | | |
|---|---|---|
| મગફળી જી-૨૦ | ૧૧૫૦ | ૧૪૬૪ |
| મગફળી ૩૨ નં. | ૧૧૦૦ | ૧૩૫૮ |
| બાજરી હાઈબ્રીડ | ૩૬૦ | ૫૯૦ |
| ઘઉં | ૩૯૩ | ૫૫૬ |
| તુવેર | ૧૨૦૦ | ૧૬૭૪ |
| જુવાર | ૮૦૦ | ૧૨૨૪ |
| ચણા | ૮૦૦ | ૧૦૪૪ |
| સોયાબીન | ૧૦૦૦ | ૧૦૯૯ |

**ખાંભા**

| | | |
|---|---|---|
| કપાસ | ૧૩૨૨ | ૧૫૦૦ |
| મગફળી | ૧૨૬૦ | ૧૩૦૦ |
| તલ કાળા | ૪૩૦૧ | ૪૩૦૧ |
| તુવેર | ૧૨૩૭ | ૧૪૬૦ |
| ઘઉં | ૪૫૪ | ૪૫૪ |
| જીરૂ | ૪૧૧૧ | ૪૧૧૧ |

**જામનગર**

| | | |
|---|---|---|
| જુવાર | ૯૦૦ | ૧૦૮૦ |
| બાજરો | ૨૬૫ | ૩૭૫ |
| ઘઉં | ૪૦૦ | ૫૪૨ |
| મગ | ૫૪૦ | ૧૦૮૦ |
| અડદ | ૭૫૦ | ૧૫૧૫ |
| તુવેર | ૧૨૦૦ | ૧૪૭૫ |
| ચોળી | ૬૦૦ | ૧૨૫૫ |
| વાલ | ૯૦૦ | ૧૦૬૦ |
| ચણા | ૯૪૦ | ૧૩૧૫ |
| ચણા સફેદ | ૧૦૫૦ | ૧૫૦૦ |
| મગફળી જીણી | ૧૩૦૦ | ૧૭૧૦ |
| મગફળી જાડી | ૧૨૦૦ | ૧૫૦૦ |
| એરંડા | ૧૧૦૦ | ૧૨૫૧ |
| રાયડો | ૮૫૦ | ૧૨૩૦ |
| લસણ | ૬૫૦ | ૧૬૦૦ |
| કપાસ | ૧૦૦૦ | ૧૬૦૦ |
| જીરૂ | ૪૦૦૦ | ૪૪૭૦ |
| અજમો | ૧૪૨૫ | ૫૪૫૦ |
| અમજમાની ભૂસી | ૨૦ | ૩૦૦૦ |
| ધાણા | ૧૧૦૦ | ૧૯૬૫ |
| મરચા | ૧૩૦૦ | ૭૦૧૦ |
| ડુંગળી | ૩૫ | ૨૭૦ |
| સોયાબીન | ૯૦૦ | ૧૦૮૫ |
| વટાણા | ૯૦૦ | ૧૦૫૦ |


....જીપ્સમ....

ખેતીની જમીન માટે
લુઝ ટ્રક લોડીંગ ચાલુ
૨૮ થી ૪૦ ટન સુધી
--:: સંપર્ક ::--
૯૪૨૬૯ ૮૯૫૭૬


## શબ્દ સંજોગ-૨૧૪૬

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | | ૨ | | ■ | ૩ | ■ | ૪ | ૫ |
| | ■ | | ■ | ૬ | | ૭ | ■ | |
| ૮ | ૯ | | ■ | | ■ | ૧૦ | ૧૧ | |
| ■ | | ■ | ૧૨ | | ૧૩ | ■ | | ■ |
| ૧૪ | | ૧૫ | ■ | ■ | ૧૬ | ૧૭ | ■ | ૧૮ |
| | ■ | ૧૯ | ૨૦ | | ■ | ૨૧ | | |
| ૨૨ | ૨૩ | ■ | | ■ | ૨૪ | | ■ | |
| ■ | ૨૫ | | ■ | ૨૬ | | ■ | ૨૭ | |
| ૨૮ | | ■ | ૨૯ | | ■ | ૩૦ | | |

**આડી ચાવી :**

(૧) ગુજરાતની એક સંસ્કારી નગરી (૪)
(૪) અભ્યાસ, છાપ (૨)
(૬) ઢાલ (૩)
(૮) નાની ચપટી ચક્તી (૩)
(૧૦) મોટો પથ્થર (૩)
(૧૨) એક અભિનેત્રી ....... આગા (૩)
(૧૪) અનારકલનો પ્રેમી (૩)
(૧૬) સંગીનો એક અલંકાર (૨)
(૧૯) નાનુ બલુન (૩)
(૨૧) સઘળુ, બધુ (૩)
(૨૨) આબુ પર્વત પર આવેલ એક તળાવ (૨)
(૨૪) એક વાદ્ય (૨)
(૨૫) એક ચોઘડીયુ (૨)
(૨૬) આવાજ, સુર (૨)
(૨૭) શરીર તપાનો એક રોગ (૨)
(૨૮)ખુલ્લી જમીનની આસપાસની ભીંત (૨)
(૨૯) અસ્થિ, હાડકું (૨)
(૩૦) રસીદ, પહોંચ (૩)

**ઉભી ચાવી :**

(૧) નાનો તંબુ (આ-અ) (૩)
(૨) ચમડી તુટે પણ........ ન છુટે (૩)
(૩) વૃક્ષ, ઝાડ (૨)
(૫) ચામડામાંથી મળતો ચીકણો પદાર્થ (૩)
(૬) માયાળુ, સ્નેહાળ (૩)
(૭)ઝાડનો જાડલ ભાગ (૨)
(૯)ખ્યાલ ટપ્પાનું ગાણું (૩)
(૧૧) ગપ્પુ (૨)
(૧૩) પિતાની સાળી (૨)
(૧૪) કૃતિ, સૃષ્ટિ (૩)
(૧૫) એક કઠોળ (૨)
(૧૭)એક અંગ્રજી વજન (૩)
(૧૮)મહારાષ્ટ્રનું એક શહેર (૫)
(૨૦) અડચણ, પ્રતિબંધ (૨)
(૨૩)દાળ ચોખા મળીને બનતી વાનગી (૩)
(૨૪) જાનવર, પશુ (૨)
(૨૬) નીરોગી, તંદુરસ્ત (૨)
(૨૭) આખા ઘામાંથી એક કાગળ (૨)

## શબ્દ સંજોગ-૨૧૪૫ જવાબ

**આડી ચાવી** : (૧) ગલગોટો (૪) ફાકી (૬) પાટીલ (૮) કુંજ (૧૦) ખપ (૧૧) કીટક (૧૨) માત (૧૩) ડીનર (૧૫) સાત (૧૭) થઅ (અર્થ) (૧૯) સમ (૨૦) નભ (૨૨) વાસેરો (૨૪) વ્યસન (૨૫) વય (૨૬) ભ્રાતા (૨૭) ચોર (૨૮) દંત (૨૯) દૂર. **ઉભી ચાવી** : (૧) ગલકું (૨) ગોટા (૩) આંટી (૫)કીચક (૬) પાપડી (૭) લીકર (૯) જમાત (૧૪) નર્તન (૧૫) સારવાર (૧૬) આમ (૧૮) અમીનજર (૧૯) સરોવર (૨૧) ભવ્યતા (૨૬) ભ્રાત

Printed and Published by Vasantbhai Bavabhai Movliya on behalf of Director Sanjog India News Private Limited. Printed at Sanjog Press, Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi, near bypaas Amreli -365601 and published at Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi near bypass amreli. Editor Vasantbhai Bavabhai Movliya Resident Editor : N. B. Desai (Responsible for the selection of News Under PRB Act (c). phone : 02792-225225, RNI.No.:GUJ GUJ/2017/75270, Title code : GUJ GUJ 16801

# ગુજરાતમાં ૨૦ એપ્રિલથી વસ્તી ગણતરી: ૧૯ મે સુધી હાઉસલિસ્ટિંગ પ્રક્રિયા



ગાંધીનગર,તા.૦૯

વસતિ ગણતરી-૨૦૨૭ને ધ્યાનમાં રાખીને કેન્દ્ર સરકારે મહત્વપૂર્ણ સૂચના જાહેર કરી છે. ગૃહ મંત્રાલયના નોટિફિકેશન મુજબ ૧ એપ્રિલથી ૩૦ સપ્ટેમ્બર ૨૦૨૬ દરમિયાન દેશવ્યાપી હાઉસલિસ્ટિંગ કામગીરી હાથ ધરાશે. ગુજરાતમાં આ પ્રક્રિયા ૨૦ એપ્રિલથી ૧૯ મે ૨૦૨૬ સુધી અમલમાં મુકવામાં આવશે. આ દરમિયાન દરેક મકાન, રહેણાંક એકમ અને ઘરેલુ વિગતો એકત્રિત કરવામાં આવશે. હાઉસ-ટુ-હાઉસ ગણતરી પહેલાં ૧૫ દિવસની સ્વ-ગણતરી (સેલ્ફ એન્યુમેરેશન) સુવિધા ઉપલબ્ધ કરાશે, જેથી નાગરિકો પોતાની માહિતી જાતે નોંધાવી શકે. આ અંગેની જાહેરાત રાજ્યના જનરલ એડમિનિસ્ટ્રેશન વિભાગ દ્વારા ગેઝેટમાં પ્રસિદ્ધ કરવામાં આવી છે. કામગીરી સુચારુ રહે તે માટે અધિકારીઓ અને કર્મચારીઓને તાલીમ આપવામાં આવશે. ઉપરાંત રાજ્ય, જિલ્લા, મહાનગરપાલિકા અને તાલુકામાં સાધનો, વાહન ખર્ચ તથા અન્ય વ્યવસ્થાઓ માટે અલગ-અલગ બજેટ ફાળવવામાં આવ્યું છે.

# ગોંડલમાં સરદાર પટેલ ગ્રુપ દ્વારા સમૂહ લગ્નોત્સવનું આયોજન : ૩૧ યુગલોએ પ્રભુતામાં પગલા પાડ્યા

**આ પ્રસંગે કેન્દ્રીય મંત્રી ડૉ. મનસુખભાઈ માંડવીયા, રાજ્ય મંત્રી કૌશિકભાઈ વેકરિયાની ઉપસ્થિતી**



ગોંડલ,તા.૦૯

સરદાર પટેલ સોશિયલ ગ્રુપ દ્વારા ચોથા વર્ષે રોયલ સીટી ખાતે ૩૧ દીકરીઓના ભવ્ય સમૂહ લગ્નોત્સવનું આયોજન કરવામાં આવ્યુ હતુ. દાસીજીવણ પાર્ટીપ્લોટથી ૩૧ વરરાજાનો ભવ્ય વરઘોડો નીકળ્યો હતો. સમારોહની શરૂઆત રાષ્ટ્રગાનથી થઈ હતી. આ ૧૩૫ વીઘા વિસ્તારમાં ૩૧ લગ્ન મંડપો, રક્તદાન કેમ્પ અને વિશાળ વ્યવસ્થા કરવામાં આવી હતી. દરેક દીકરીને સોનાનું મંગળસૂત્ર, હાર, ચાંદીના સાંકળા સહિત ૧૨૫થી વધુ વસ્તુઓનો કરિયાવર અપ્યો હતો. તેમજ ૪૦૦ સ્વયંસેવકોએ સેવા આપી હતી. આ પ્રસંગે કેન્દ્રીય મંત્રી ડૉ. મનસુખભાઈ માંડવીયા,રાજ્ય મંત્રી કૌશિકભાઈ વેકરિયા, ગણેશસિંહ જાડેજા સહિતના હાજર રહ્યા હતા. સમૂહ લગ્નને સફળ બનાવવામાં ટ્રસ્ટના ટ્રસ્ટીઓ અને લેઉવા પટેલ સમાજના વિવિધ ગ્રુપોએ પણ સેવા આપી હતી.

# ઉનાનાં કેસરીયા ગામે શંકરનાં મંદિરે ચોરીનો ભેદ ઉકેલાયો



ઉના,તા.૦૯

ઉના તાલુકાના કેસરીયા ગામે આવેલા શંકર ભગવાનના મંદિરમાં થયેલી ચોરીનો ભેદ ગીર સોમનાથ જિલ્લા ક્રાઈમ બ્રાન્ચે ઉકેલી દીધો છે. પોલીસે ગફાર ઉર્ફે નૂરા કાતીયાર સંધિ (ઉં.વ. ૨૫) તથા હાજી ઉર્ફે ઈસ્માઈલ હાજી મુન્શી મુલ્લાની ધરપકડ કરી છે. આરોપીઓ પાસેથી આશરે ૫ કિલોગ્રામ વજનના તાંબા જેવી ધાતુના નાગદાદાના કાપેલા ટુકડા સહિત રૂ.૧૦,૦૦૦નો મુદ્દામાલ જપ્ત થયો છે. ચોરી અંગે ઉના પોલીસ મથકે ફરિયાદ નોંધાઈ હતી. જિલ્લા પોલીસ વડાના માર્ગદર્શન હેઠળ ક્રાઈમ બ્રાન્ચે બાતમીના આધારે કાર્યવાહી હાથ ધરી હતી.

# રાજકોટ-જામનગર બાદ હવે અમદાવાદમાં પણ નાટક 'હું, નથુરામ ગોડસે'નો ભારે વિરોધ

(એચ.એસ.એલ),અમદાવાદ,તા.૯



રાજકોટ-જામનગર બાદ હવે અમદાવાદમાં પણ નાટક 'હું, નથુરામ ગોડસ'નો કોંગ્રેસે ભારે વિરોધ કર્યો હતો. અમદાવાદમાં રવિવારે રાતથી આ નાટકનો વિરોધ કરવામાં આવી રહ્યો છે.

અમદાવાદના બોડકદેવ વિસ્તારમાં આવેલા પંડિત દીનદયાલ હોલમાં નથુરામ ગોડસે પર આધારિત એક નાટક ભજવવામાં આવવાનું હતું. આ નાટક મંચસ્થ થાય તે પહેલાં જ શહેરમાં વિરોધ પ્રદર્શન શરૂ થઈ ગયા છે. એનએસયુઆઈના કાર્યકરોએ રવિવારે રાતે જ હોલમાં પહોંચીને ભારે હોબાળો મચાવ્યો હતો અને નાટકનો ઉગ્ર વિરોધ નોંધાવ્યો હતો. ગાંધીજી અમર રહો, ગોડસે મુર્દાબાદના લખાણ લખી વિરોધ નોંધાવ્યો છે. પંડિત દિનદયાળ ઓડિટોરિયમમાં દીવાલો પર 'ગોડસે મુર્દાબાદ' ના લખાણો લખી આક્રોશ વ્યક્ત કર્યો હતો.

# ગીર સોમનાથ જિલ્લાના આંગણવાડી કેન્દ્રોને સુસજ્જ બનાવવા "નવીનીકરણની પહેલ"




તસવીર : ધર્મેશ પાઠક

ગીરસોમનાથ,તા.૦૯

રાજ્યના આંગણવાડી કેન્દ્રોને વધુ સુદ્રઢ, સુરક્ષિત અને આધુનિક બનાવવાના હેતુથી રાજ્ય સરકાર દ્વારા જાન્યુઆરી-૨૦૨૬થી "આંગણવાડી નવીનીકરણ ઝુંબેશ" અમલમાં મુકવામાં આવી છે.

આ ઝુંબેશ અંતર્ગત ગીર સોમનાથ જિલ્લાના તમામ તાલુકાના ૫૭૫ આંગણવાડી કેન્દ્રોમાં નાનું-મોટું સમારકામ, ફ્લોરની મરામત, કલરકામ, ચિત્રકામ, બારી-દરવાજાની સુધારણા તેમજ આંગણવાડી કેન્દ્રોની આસપાસ અને અંદરની સંપૂર્ણ સફાઈ કરવામાં આવી છે. જેના પરિણામે લાભાર્થી બાળકો, સગર્ભા તથા ધાત્રી માતાઓ અને કિશોરીઓને આકર્ષક, ભૌતિક સુવિધાસભર, આરોગ્યદાયક અને અનુકૂળ વાતાવરણ ઉપલબ્ધ થશે.

# વડોદરા કોંગ્રેસનો મોટો આરોપ, ભાજપે ૪૭ હજાર મતદારોના નામ કાઢવાનું ષડયંત્ર રચ્યું

(એચ.એસ.એલ),વડોદરા,તા.૯



વડોદરા શહેર કોંગ્રેસ દ્વારા 'ઓપરેશન સરકાર ચોરી' શીર્ષક હેઠળ પ્રેસ કોન્ફરન્સ યોજવામાં આવી હતી. જેમાં કોંગ્રેસે ભાજપના નેતાઓ અને કોર્પોરેટરો પર ગંભીર આરોપો લગાવ્યા છે. કોંગ્રેસના નેતાઓએ જણાવ્યું હતું કે એસઆઈઆર (સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન) પ્રક્રિયામાં ફોર્મ-૭ ભરવામાં આવીને મોટા પ્રમાણમાં સાચા મતદારોના નામ કાઢવાનું કાવતરુ કરવામાં આવ્યું છે. કોંગ્રેસના જણાવ્યા અનુસાર, વડોદરા શહેરમાં અંદાજે ૪૭,૦૦૦ મતદારો સામે વાંધા ઉઠાવવામાં આવ્યા છે. આ વાંધાઓમાં ભાજપના કોર્પોરેટરો અને નેતાઓ દ્વારા મોટા પ્રમાણમાં ખોટી ફરિયાદો દાખલ કરવામાં આવી હોવાનો આરોપ છે. ખાસ કરીને ભાજપના કોર્પોરેટર અજીત દધીચે ૧૨૨ વાંધા ઉઠાવ્યા હોવાનું કોંગ્રેસે જણાવ્યું છે. આ ઉપરાંત નગર પ્રાથમિક શિક્ષણ સમિતિના ચેરમેન આદિત્ય પટેલે ૩૦ વાંધા ઉઠાવ્યા હોવાના પણ પુરાવા રજૂ કરાયા છે.

કોંગ્રેસે વધુમાં જણાવ્યું હતું કે કેટલાક વ્યક્તિઓ પાસે એકથી વધુ ઈપીઆઈસી (મતદાર ઓળખ કાર્ડ) હોવાનો મામલો પણ સામે આવ્યો છે. દેવેશ પટેલ નામના વ્યક્તિ પાસે ૨૫ ઈપીઆઈસી આઈડી અને સીએન માછી નામના વ્યક્તિ પાસે ૨૦ ઈપીઆઈસી આઈડી હોવાનું કોંગ્રેસે જણાવ્યું છે.

# રાજકોટ ગ્રામ્યના ગોંડલ યુનિટના હોમગાર્ડ જવાનનું અવસાન થતા પરિવારને રૂ. ૧,૫૫,૦૦૦ની સહાય

**જિલ્લા કમાન્ડન્ટ કે.બી. કાનાણીના હસ્તે પિતા ભગુભાઇ સોલંકીને ચેક અર્પણ: વેલ્ફેર ફંડમાંથી રકમ મંજૂર કરાઈ**



ગોંડલ,તા.૦૯

રાજકોટ ગ્રામ્યના ગોંડલ યુનિટના હોમગાર્ડઝ સભ્ય સ્વ. અજયભાઈ ભગુભાઈ સોલંકીનું અવસાન થતા તેમના પરિવારને આર્થિક સહાય ચૂકવવામાં આવી છે. કમાન્ડન્ટ જનરલ હોમગાર્ડઝ, ગુજરાત રાજ્ય અમદાવાદ દ્વારા હોમગાર્ડ વેલ્ફેર ફંડમાંથી રૂપિયા ૧,૫૫,૦૦૦ મંજૂર કરવામાં આવ્યા હતા. જિલ્લા કમાન્ડન્ટ, હોમગાર્ડ રાજકોટ ગ્રામ્ય કે.બી. કાનાણી દ્વારા વેલ્ફેર ફંડ સહાય અંગેનો આ ચેક મૃતક જવાનના પિતા ભગુભાઈ બચુભાઈ સોલંકીને એનાયત કરવામાં આવ્યો હતો.આ તકે જિલ્લા હોમગાર્ડ કચેરી રાજકોટનો સ્ટાફ એભાભાઈ કારાવદરા, હેડ ક્લાર્ક દીપકભાઈ ચાવડા, સબ ઈન્સ્પેક્ટર કે.જે.ગોહેલ, સિનિયર ક્લાર્ક એમ. પી. જાડેજા સહિતના ઉપસ્થિત રહ્યા હતા.

# કોડીનારમાં કોંગ્રેસ પ્રમુખનું ફોર્મ-૭ ભરનાર સામે કાર્યવાહી કરવા રજૂઆત

કોડીનાર,તા.૦૯

કોડીનાર શહેર કોંગ્રેસ પ્રમુખ અને બે-બે વખત નગરપાલિકા ચૂંટણી લડનાર મેંહદીહસન સૈયદમેહમુદ નકવીનું ફોર્મ નંબર ૭ ભરાતા આ અંગે મેંહદીહસને પોલીસમાં અરજી કરીને તેમના નામનું ફોર્મ ભરનાર સામે કાયદેસર કાર્યવાહી કરવા માંગ કરી છે. આ અંગેની વિગત મુજબ કોડીનાર વિધાનસભામાં ૪૭ જેટલા શખ્સોએ મુસ્લિમ સમાજને ટાર્ગેટ કરી ૬૭૨૨ મતદારોના ફોર્મ નંબર ૭ ભરી દેતા કોડીનાર મુસ્લિમ સમાજમાં નારાજગી વ્યાપી છે. મેહદીહસન નકવીએ આ અંગે તંત્રમાં રજૂઆત કરવા છતાં કોઈ કાર્યવાહી કરવામાં ન આવતા આજે તેમણે કોડીનાર પોલીસ સ્ટેશનમાં અરજી આપી તેમના નામ નું ફોર્મ નંબર ૭ ભરનાર બ્રિજેશકુમાર વજુભાઈ જેઠવા (રહે.ડોળાસા) સામે કાર્યવાહી કરવા માગણી કરી હતી. તેમનો આક્ષેપ છે કે, આ શખ્સે કોડીનાર વિધાનસભામાં આવતા મતદાન મથકોમાં પૂર્વ આયોજન સાથે ખોટી રીતે ૩૧૭ જેટલી વાંધા અરજીઓ કરી ફોર્મ નંબર ૭ ભર્યા છે.

**૭ જેટલા શખ્સોએ મુસ્લિમ સમાજને ટાર્ગેટ કરી ૬૭૨૨ મતદારોના ફોર્મ નંબર ૭ ભરી દેતા મુસ્લિમ સમાજમાં નારાજ**

# ધોરાજીમાં સરકારી કન્યા શાળાની તેજસ્વી વિદ્યાર્થિનીઓને પુસ્તકો ભેટમાં આપ્યાં



ધોરાજી, તા.૦૯

ધોરાજીની સરકારી કન્યા શાળાની ધો.૧૦ અને ૧૨ની જે વિદ્યાર્થિઓએ ૬ માસિક પરીક્ષામાં ૧-૨-૩ નંબર મેળવેલ છે તેમને વાર્ષિક પરીક્ષાલક્ષી વિવિધ પ્રકાશકોના પેપર સેટ, માર્ગદર્શક પુસ્તિકા સાથે નોટબુક અને પેન વિવેકાનંદ પરિવારના રાજુભાઈ એરડા, ભાનુભાઈ ઠાકર, રમણિકભાઈ બાણગોરીયા તરફથી ભેટ આપવામાં આવ્યા હતા.

# ધોરાજીના જમનાવડમાં ફોટા વાયરલ કરવાની ધમકી આપતા પરિણીતાનો આપઘાતનો પ્રયાસ

ધોરાજી,તા.૦૯

ધોરાજી તાલુકા વિસ્તારના જમનાવડ ગામે રહેતી પરિણીતાને એક શખ્સે ફોટો વાયરલ કરવાની ધમકી આપી બિભત્સ માંગણી કરતા પરિણીતાએ ઝેરી દવા પી આત્મહત્યાનો પ્રયાસ કરેલ. પરિણીતાને સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા અને તાલુકા પોલીસે તેનું નિવેદન નોંધી આરોપી વિરુદ્ધ ગુનો દાખલ કર્યો હતો. મહિલાની ફરિયાદ મુજબ તેઓ લગ્ન બાદ એક સંતાન અને પતિ સાથે જમનાવડમાં ભાડાના મકાનમાં રહે છે. જ્યાં બાજુમાં રહેતા મિતેશ રાજુભાઈ સારીખડાએ પરિણીતાના અમુક ફોટા પોતાની પાસે હોવાનું જણાવી પરિણીતા સાથે દોસ્તી બાંધવા દબાણ કર્યું હતું. પછી તેણે રાત્રિના સમયે ઘરે એકલતાનો લાભ લઈ પરિણીતા પાસે બિભત્સ માંગણી કરી હતી અને ફોટો વાયરલ કરવાની ચીમકી આપતો હતો. આ મામલે પરિવારના લોકોને જાણ થતા સાસરિયા દ્વારા પરિણીતાને તેમના માવતર મોકલી અપાઈ હતી. જ્યાં આ બાબતને લઈ મહિલા એ ઘઉંમાં નાખવાના ટીકડા ખાઈ લેતા તેમને સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા.

# મહુવા BAPS મંદિરનો ૧૨મો પાટોત્સવ અને બાલ-બાલિકા અભિવાદન સમારોહ યોજાયો



મહુવા,તા.૦૯

મહુવા બીએપીએસ સ્વામિનારાયણ મંદિરના ૧૨મા પાટોત્સવ વિધિ-સભા તથા બાલ-બાલિકા વિદ્વાન અભિવાદન સમારોહનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું.

તાજેતરમાં વડોદરાના અટલાદરા ખાતે બીએપીએસ સંસ્થાના ગુરુહરિ મહંત સ્વામી મહારાજના ૯૨મા જન્મ જયંતી મહોત્સવની ઉજવણી ગત ૨ ફેબ્રુઆરીએ કરવામાં આવી હતી. જેમાં ૩ થી ૧૩ વર્ષના ૧૫,૬૬૬ બાળકોએ 'સત્સંગ દીક્ષા' ગ્રંથના ૩૧૫ સંસ્કૃત શ્લોકો કંઠસ્થ કરી ગિનીસ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડમાં સ્થાન મેળવ્યું હતું. આ સિદ્ધિમાં મહુવા, ઉના અને રાજુલાના ૬૨ જેટલા બાલ વિદ્વાનોએ ભાગ લીધો હતો. જે અંતર્ગત આજરોજ રવિવારની સભામાં મહુવા શહેરના ૧૯ બાલ અને ૧૬ બાલિકાઓ મળી કુલ ૩૫ બાળ વિદ્વાનોનો અભિવાદન સમારોહ યોજવામાં આવ્યો હતો.

આ કાર્યક્રમમાં અતિથિ વિશેષ તરીકે મહુવા શહેરના ડે. કલેકટર રવિયા, ટીડીઓ ગોસ્વામી અને પારેખ કોલેજના પ્રોફેસર હરેશભાઈ કોઠારી ઉપસ્થિત રહ્યા હતા. મહાનુભાવોના હસ્તે બાળકો તથા બાળ કાર્યકરોનું સન્માન કરવામાં આવ્યું હતું.

# ઉના પોલીસે કાજરડી સીમમાંથી દેશી દારૂની ભઠ્ઠી ઝડપી: રૂ. ૨૮ હજારથી વધુનો મુદ્દામાલ જપ્ત



તસવીર : કૈલાશ ભટ્ટ

ઉના,તા.૦૯

ગેરકાયદેસર પ્રવૃત્તિઓ ડામવા ઉના પોલીસે સપાટો બોલાવ્યો છે. ઉના પોલીસ ઈન્સ્પેક્ટર નિલેષ ચૌહાણ અને તેમની ટીમે બાતમીના આધારે કાજરડી ગામની સીમમાં દરોડો પાડી ધમધમતી દેશી દારૂની ભઠ્ઠી ઝડપી પાડી છે.

આ દરોડા દરમિયાન પોલીસે સ્થળ પરથી દેશી દારૂ બનાવવાની સામગ્રી, પ્લાસ્ટિકના ડ્રમ, બેરલ, તૈયાર દેશી દારૂનો જથ્થો અને આથો મળી કુલ રૂ.૨૮,૩૪૦નો મુદ્દામાલ કબજે કર્યો હતો.

જોકે, પોલીસની રેડ દરમિયાન મુખ્ય આરોપી કરશન ગાંડાભાઈ બાંભણીયા પોલીસને જોઈને નાસી છૂટવામાં સફળ રહ્યો હતો. પોલીસે આરોપીની ઓળખ કરી લીધી છે અને તેને ઝડપી પાડવા તપાસ શરૂ કરી છે. પોલીસે જણાવ્યું હતું કે ગેરકાયદેસર દારૂના ધંધા સામે કડક કાર્યવાહી ચાલુ રહેશે.

**પોલીસ જોઈને મુખ્ય આરોપી કરશન બાંભણીયા ફરાર: પી.આઈ. નિલેષ ચૌહાણની ટીમની કાર્યવાહી**

# ભારત રશિયા પાસેથી તેલની આયાત સંપૂર્ણપણે બંધ કરે તેવી શક્યતા ઓછી

નવી દિલ્હી, તા.૦૯

ભારત અને યુનાઈટેડ સ્ટેટ્સ વચ્ચેનો સંભવિત વેપાર સોદો રશિયન તેલ સહિત અનેક શરતોને આધીન બન્યો છે. અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે જણાવ્યું છે કે ભારતે રશિયા પાસેથી તેલ ખરીદવાનું બંધ કરવું જોઈએ અને તેના બદલે અમેરિકા તથા વેનેઝુએલાથી આયાત વધારવી જોઈએ. તેમણે ચેતવણી આપી




કે જો ભારત રશિયન તેલ ખરીદી ચાલુ રાખશે તો ૨૫% ટેરિફ ફરી લાદવામાં આવશે. નિષ્ણાતોના મતે, ભારત રશિયન તેલની આયાત સંપૂર્ણપણે બંધ કરે તેવી શક્યતા ઓછી છે, જોકે થોડો ઘટાડો શક્ય છે. ભારત પોતાની કુલ તેલ જરૂરિયાતનો આશરે ૮૫% ભાગ આયાત કરે છે, જેમાંથી લગભગ ત્રીજો ભાગ રશિયાથી આવતો હતો. રશિયા હાલમાં પ્રતિ બેરલ ૧૧ ડોલર સુધી ડિસ્કાઉન્ટ આપી રહ્યું છે, જે ભારત માટે આર્થિક રીતે ફાયદાકારક છે. વોલ સ્ટ્રીટ જર્નલ મુજબ, અમેરિકન ક્રૂડ વધુ મોંઘું પડી શકે છે અને પરિવહન ખર્ચ પણ વધુ છે. વિશ્લેષકોનું માનવું છે કે રશિયન તેલ છોડવું ભારત માટે આર્થિક તેમજ રાજકીય રીતે પડકારજનક રહેશે.

# ડિજિટલ છેતરપિંડી 'સંપૂર્ણ લૂંટ' સમાન : સુપ્રીમ કોર્ટે દેશવ્યાપી એસઓપી અમલનો આદેશ આપ્યો

નવી દિલ્હી, તા.૦૯

દેશમાં વધી રહેલી ડિજિટલ છેતરપિંડીના કેસોને લઈને સુપ્રીમ કોર્ટે કડક ટિપ્પણી કરતાં તેને "સંપૂર્ણ લૂંટ" ગણાવી છે. કોર્ટે નોંધ્યું કે સાયબર છેતરપિંડી દ્વારા અત્યાર સુધીમાં રૂ.૫૪,૦૦૦ કરોડથી વધુ રકમ ઠગાઈ ગઈ છે, જે અત્યંત ગંભીર સ્થિતિ દર્શાવે છે. કેન્દ્ર સરકારને રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા (RBI) દ્વારા ઘડાયેલા સ્ટાન્ડર્ડ ઓપરેટિંગ



પ્રોસિજર (SOP)ને દેશભરમાં ઔપચારિક રીતે અમલમાં મૂકવા નિર્દેશ આપવામાં આવ્યો છે. કોર્ટે કહ્યું કે અધિકારીઓની બેદરકારી અથવા મિલીભગતની શક્યતા નકારી શકાય નહીં. RBI અને બેંકોને સમયસર અને કડક કાર્યવાહી કરવા સૂચના આપવામાં આવી છે. SOP મુજબ શંકાસ્પદ વ્યવહારોમાં ડેબિટ કાર્ડ અસ્થાયી રીતે હોલ્ડ પર રાખવાની જોગવાઈ છે. સાથે જ, ચાર અઠવાડિયામાં આંતર-વિભાગીય સંકલન માટે એમઓયુનો ડ્રાફ્ટ તૈયાર કરવાનો આદેશ અપાયો છે. CBIને દેશભરના કેસોની ઓળખ કરીને વિગતવાર તપાસ કરવા જણાવાયું છે. કોર્ટે પીડિતોને વળતર બાબતે વ્યવહારુ અને ઉદાર અભિગમ અપનાવવાનો પણ ભાર મૂક્યો છે.

## મેટા-વોટ્સએપ ગોપનીયતા કેસઃ સુપ્રીમ કોર્ટે સુનાવણી ૨૩ ફેબ્રુઆરી સુધી મુલતવી રાખી

નવીદિલ્હી,તા.૦૯

સોમવારે, સુપ્રીમ કોર્ટે મેટા પ્લેટફોર્મ્સ અને વોટ્સએપ દ્વારા કોમ્પિટિશન કમિશન ઓફ ઈન્ડિયાના નિર્ણયને પડકારતી અરજીઓ પર સુનાવણી ૨૩ ફેબ્રુઆરી સુધી મુલતવી રાખી હતી. આ કેસ વોટ્સએપની વિવાદાસ્પદ ગોપનીયતા નીતિ અને કંપની પર લાદવામાં આવેલા ૨૧૩.૧૪ કરોડના દંડ સાથે સંબંધિત છે. ડિજિટલ નાગરિકોના ડેટા અધિકારો અને મોટી ટેક કંપનીઓના એકાધિકાર પર ભારતમાં ચાલી રહેલી કાનૂની લડાઈમાં આ સુનાવણી એક મહત્વપૂર્ણ તબક્કો છે. મુખ્ય ન્યાયાધીશ સૂર્યકાંતની આગેવાની હેઠળની બેન્ચે સ્પષ્ટતા કરી હતી કે તે ૨૩ ફેબ્રુઆરીએ આ મામલે વચગાળાનો આદેશ પસાર કરશે.સોમવારે સુનાવણી દરમિયાન, બેન્ચને જાણ કરવામાં આવી હતી કે મેટા અને વોટ્સએપનું પ્રતિનિધિત્વ કરતા વરિષ્ઠ વકીલ કપિલ સિબ્બલ બીમાર હતા. પરિણામે, કોર્ટે સુનાવણી મુલતવી રાખવાનો નિર્ણય લીધો.

# દિલ્હીના પીરાગઢીમાં કારમાંથી મહિલા સહિત ત્રણનાં મૃતદેહ મળી આવતા હડકંપ

નવી દિલ્હી, તા.૦૯

રાષ્ટ્રીય રાજધાની દિલ્હીના પીરાગઢી વિસ્તારમાં પાર્ક કરેલી કારમાંથી મહિલા સહિત ત્રણ લોકોના મૃતદેહ મળી આવતા વિસ્તારમાં હડકંપ મચી ગયો હતો. ઘટનાની જાણ થતાં જ પોલીસ દળ ઘટનાસ્થળે પહોંચી તપાસ શરૂ કરી છે. આ કેસમાં પોલીસ બે વ્યક્તિઓની પૂછપરછ કરી રહી છે. કારમાંથી મળેલા મૃતદેહોની



ઓળખ ૭૬ વર્ષીય રણધીર, ૪૦ વર્ષીય લક્ષ્મી દેવી અને ૪૭ વર્ષીય શિવ નરેશ સિંહ તરીકે થઈ છે. તપાસમાં સામે આવ્યું છે કે લક્ષ્મી દેવી અને શિવ નરેશ એકબીજાના પરિચિત હતા અને બંને વચ્ચે નજીકના સંબંધો હતા. પોલીસના જણાવ્યા મુજબ, શિવ નરેશ અને રણધીર છેલ્લા છ વર્ષથી પ્રોપર્ટી ડીલિંગના વ્યવસાયમાં જોડાયેલા હતા. પ્રાથમિક તપાસમાં આત્મહત્યાનો સંકેત મળી રહ્યો છે, પરંતુ પોલીસે તમામ સંભવિત દ્રષ્ટિકોણથી તપાસ શરૂ કરી છે. કારની પાછળની સીટ પરથી શિવ નરેશનું હેલ્મેટ અને ટ્રેકસૂટ મળી આવ્યા છે. જોકે, તેની બાઈક ક્યાં છે તે અંગે હજી સુધી કોઈ સ્પષ્ટ માહિતી મળી નથી.

## કોર્ટરૂમમાં ન્યાયાધીશ સામે વકીલ પર થયેલ હુમલા અંગે સીજેઆઈએ નારાજગી વ્યક્ત કરી

નવીદિલ્હી,તા.૦૯

દિલ્હીની તીસ હજારી ડિસ્ટ્રિક્ટ કોર્ટના કોર્ટરૂમમાં હુમલાનો એક ગંભીર કેસ નોંધાયો છે. એક આરોપીનું પ્રતિનિધિત્વ કરતી વખતે ન્યાયાધીશની સામે એક વકીલ પર હુમલો કરવામાં આવ્યો હતો. સુપ્રીમ કોર્ટમાં પીડિતાના કેસની સુનાવણી ચાલી રહી હતી. તેમણે મુખ્ય ન્યાયાધીશને જણાવ્યું હતું કે જ્યારે તેઓ એક આરોપીનું પ્રતિનિધિત્વ કરી રહ્યા હતા, ત્યારે બીજી બાજુના વકીલ, કેટલાક લોકો સાથે, બળજબરીથી કોર્ટરૂમમાં ઘૂસી ગયા હતા. તે સમયે ન્યાયાધીશ કોર્ટરૂમમાં બેઠા હતા, પરંતુ વકીલ પર હુમલો કરવામાં આવ્યો હતો. વકીલે કહ્યું કે પોલીસે કોઈ મદદ કરી ન હતી.

સુપ્રીમ કોર્ટમાં આ કેસના ઉલ્લેખ દરમિયાન, સીજેઆઈ સૂર્ય કાંતે સખત વાંધો વ્યક્ત કર્યો. તેમણે કહ્યું કે આવી 'ગુંડાગીરી' બિલકુલ સહન કરી શકાય નહીં. તે કાયદાના શાસનની સીધી નિષ્ફળતા છે. ગુનેગારો સામે કડક કાર્યવાહી કરવામાં આવશે.

# એપ્સટાઈ ફાઈલ્સે અમેરિકાથી નોર્વે સુધીના દેશોમાં રાજકીય ઉથલપાથલ અને રાજીનામાનો માહોલ સર્જ્યો

વોશિંગ્ટન,તા.૦૯

ધ એપ્સટાઈની ફાઈલ્સે દુનિયાભરમાં ખળભળાટ મચાવ્યો છે. કુખ્યાત ગુનેગાર જેફરી એપ્સટાઈનને લગતી ફાઈલોના ખુલાસાએ દુનિયાભરમાં ખળભળાટ મચાવ્યો છે. રાજકીય વર્તુળોમાં પણ તેની અસર જોવા મળી રહી છે. જેફરી એપ્સટિન કુખ્યાત સેક્સ ટ્રાફિકિંગ કૌભાંડના કેન્દ્રમાં હતા અને ત્યારથી તેમનું



અવસાન થયું છે. એપ્સટિનના મૃત્યુ પછી બહાર આવેલા દસ્તાવેજોમાં ઘણા હાઈ-પ્રોફાઈલ નામો બહાર આવ્યા છે. આ નામોના ઉદભવથી યુએસ, યુકે, ફ્રાન્સ અને નોર્વે જેવા દેશોમાં રાજકીય ઉથલપાથલ અને રાજીનામાનો માહોલ સર્જાયો છે.

એપ્સટિન ફાઈલ્સ સામે આવ્યા પછી પહેલો મોટો હોબાળો બ્રિટનમાં થયો હતો. ભૂતપૂર્વ બ્રિટિશ રાજદૂત પીટર મેન્ડેલસને લેબર પાર્ટીમાંથી રાજીનામું આપ્યું હતું. દસ્તાવેજોમાં જાણવા મળ્યું છે કે એપ્સટિનએ તેમની સાથે જોડાયેલા ખાતાઓમાં ૨૫,૦૦૦ ની ત્રણ ચુકવણી કરી હતી. મેન્ડેલસને, જે હાઉસ ઓફ લોર્ડ્સના સભ્ય પણ હતા, રાજીનામું આપી દીધું, એમ કહીને કે તેઓ પાર્ટીને વધુ શરમ ટાળવા માંગે છે. મેન્ડેલસન ઉપરાંત, પીએમ સ્ટાર્મરના ચીફ ઓફ સ્ટાફ, મોર્ગન મેકસ્વીનીએ પણ રાજીનામું આપ્યું હતું. મેકસ્વીનીએ મેન્ડેલસનને યુએસમાં બ્રિટનના રાજદૂત બનવાની સલાહ આપી હતી.

# ભાજપ ચંદ્ર પર પણ પોતાના મેયરને બેસાડી શકે છે : સામનામાં શાબ્દિક પ્રહારો

મુંબઈ,તા.૦૯

મહારાષ્ટ્રમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ બાદ, ઘણા વિસ્તારોમાં મેયરની ચૂંટણીઓ પૂર્ણ થઈ ગઈ છે. ઘણા વિસ્તારોમાં ચૂંટણીઓ હજુ બાકી છે. મુંબઈમાં, ભાજપે રિતુ તાવડેને તેના મેયર ઉમેદવાર તરીકે નામાંકિત કર્યા છે. નામની જાહેરાત થયા પછી, શિવસેના ભાજપ પર શાબ્દિક હુમલાઓ કરી રહી છે. દરમિયાન, તેના મુખપત્ર, સામનાના



એક તંત્રીલેખમાં, શિવસેનાએ ભાજપ અને શિંદે જૂથ વિશે અનેક પ્રશ્નો ઉઠાવ્યા. તંત્રીલેખમાં કહેવામાં આવ્યું છે કે ભાજપ પાસે પૈસા અને પોલીસ બંને છે. રાજ્યના કોઈપણ શહેરનું શું? તેઓ ચંદ્ર અને મંગળ પર પણ પોતાના મેયર સ્થાપિત કરી શકે છે. તેમાં આરોપ મૂકવામાં આવ્યો હતો કે સત્તા માટે હિન્દુત્વ સાથે સમાધાન કરવામાં આવ્યું છે.

મ્યુનિસિપલ કોર્પોરેશનની ચૂંટણીઓ પછી, સામનાએ લખ્યું કે કેટલીક જગ્યાએ મેયર સ્થાપિત કરવાની પ્રક્રિયા પૂર્ણ થઈ ગઈ છે. તેથી, એવું માનવું ખોટું નહીં હોય કે વહીવટકર્તાઓનું મનસ્વી શાસન સમાપ્ત થઈ ગયું છે અને જનપ્રતિનિધિઓનું શાસન સ્થાપિત થઈ ગયું છે. અલબત્ત, જો મુખ્યમંત્રી ઈચ્છે તો તે થઈ શકે છે. ભારતીય જનતા પાર્ટી મહારાષ્ટ્રમાં વધુમાં વધુ ૧૦ જગ્યાએ મેયર બનાવી શકે છે. જો તેની પાસે સત્તા, પૈસા અને પોલીસ હોય, તો રાજ્યના કોઈપણ શહેરનું શું? ભાજપ ચંદ્ર અને મંગળ પર પણ પોતાનો મેયર બનાવી શકે છે.

## તિરુપ્પરંકુન્દ્રમ વિવાદ : સુપ્રીમ કોર્ટે મદ્રાસ હાઈકોર્ટનો નિર્ણય યથાવત્ રાખ્યો, દરગાહ પર દૈનિક નમાજને મંજૂરી નહીં

નવી દિલ્હી, તા.૦૯

સુપ્રીમ કોર્ટે તમિલનાડુના મદુરાઈ જિલ્લામાં તિરુપ્પરંકુન્દ્રમ પર્વત પર સ્થિત સિકંદર બદુશા ઔલિયા દરગાહ સંકુલમાં ફક્ત રમઝાન અને બકરી ઈદ દરમિયાન જ નમાજ અદા કરવાની મંજૂરી આપતા મદ્રાસ હાઈકોર્ટના આદેશને યથાવત્ રાખ્યો છે. સાથે જ દરગાહ સંકુલમાં પશુ બલિદાન પરનો પ્રતિબંધ પણ



રાખ્યો છે. આ નિર્ણય ઓક્ટોબર ૨૦૨૫ના હાઈકોર્ટના આદેશને પડકારતી અરજીએ અનુસંધાને આપવામાં આવ્યો હતો. ન્યાયાધીશ અરવિંદ કુમાર અને પી.બી. વરાલેની બેન્ચે હાઈકોર્ટના ચુકાદાને સંતુલિત ગણાવ્યો. હાઈકોર્ટે જણાવ્યું હતું કે ૩૩ ટકા જમીન પર રમઝાન અને બકરી ઈદ સિવાય નમાજની મંજૂરી નથી. અરજદારે મર્યાદાને પડકારી હતી. વિવાદ ધાર્મિક અધિકારો અને ટેકરી પર સ્થિત મંદિર-દરગાહ સંબંધિત દાવાઓ સાથે જોડાયેલો છે.

## શરદ પવારની તબિયત બગડી, પુણેની રૂબી હોસ્પિટલમાં દાખલ


મુંબઈ, તા.૦૯

મહારાષ્ટ્રના વરિષ્ઠ નેતા અને એનસીપી (શરદચંદ્ર પવાર)ના પ્રમુખ શરદ પવારની તબિયત લથડતાં તેમને પુણેની રૂબી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. તેમને તાવ અને ગળામાં ચેપની ફરિયાદ હોવાનું જાણવા મળે છે. અગાઉ શરદી, ખાંસી અને શ્વાસ લેવામાં તકલીફને કારણે તેઓ બારામતીથી પુણે ગયા હતા. તેમની સાથે પુત્રી સુપ્રિયા સુલે અને પત્ની પ્રતિભા પવાર હાજર છે. ૮૫ વર્ષીય શરદ પવાર હાલમાં રાજ્યસભાના સભ્ય છે અને એનસીપીના સ્થાપક તરીકે જાણીતા છે. પાર્ટીમાં થયેલા વિભાજન બાદ તેમણે એનસીપી (શરદચંદ્ર પવાર) રચી હતી. તેમની તબિયત અંગે વધુ માહિતી માટે ચિકિત્સકોની દેખરેખ હેઠળ સારવાર ચાલુ છે.

## શેર બજારમાં તેજી : સેન્સેક્સ ૪૬૩ પોઈન્ટ અને નિફ્ટી ૧૭૪ પોઈન્ટ ઉછળી બંધ

મુંબઈ, તા.૦૯

અઠવાડિયાના પ્રથમ દિવસે સ્થાનિક શેરબજારમાં તેજી જોવા મળી હતી. બીએસઈ સેન્સેક્સ ૪૬૩.૧૫ પોઈન્ટ (૦.૫૫%) વધીને ૮૪,૦૪૩.૫૫ પર બંધ થયો, જ્યારે એનએસઈ નિફ્ટી ૫૦ ઈન્ડેક્સ ૧૭૩.૬૦ પોઈન્ટ (૦.૬૮%) ઉછળી ૨૫,૮૬૭.૩૦ પર સમાપ્ત થયો. ભારત-અમેરિકા વેપાર કરારની જાહેરાત બાદ રોકાણકારોમાં સકારાત્મક ભાવના જોવા મળી. સેન્સેક્સના ૩૦માંથી ૨૧ શેર વધારા સાથે બંધ થયા જ્યારે સ્ટેટ બેંક ઓફ



ઈન્ડિયા ૭.૪૬% વધીને ટોચ પર રહ્યો, પાવરગ્રીડ ૧.૧૧% ઘટ્યો. નિફ્ટીના ૫૦માંથી ૩૪ શેરોમાં વધારો નોંધાયો. ટાઈટન, ટાટા સ્ટીલ અને અલ્ટ્રાટેક સિમેન્ટમાં મજબૂત ખરીદી જોવા મળી, જ્યારે આઈટીસી અને એનટીપીસી જેવા શેરોમાં ઘટાડો નોંધાયો હતો.

# ભારત-પાકિસ્તાન મેચ વિવાદ : પીસીબીની શરતો સ્વીકારવાનો આઈસીસીનો ઈન્કાર

નવી દિલ્હી, તા.૦૯

ભારત-પાકિસ્તાન મેચ મુદ્દે સસ્પેન્સ નવા વળાંક પર પહોંચ્યું છે. શરૂઆતમાં બહિષ્કાર પર વિચાર કરનાર પાકિસ્તાન ક્રિકેટ બોર્ડ (પીસીબી) હવે મેચ રમવા તૈયાર હોવાનું કહેવાય છે, પરંતુ તેણે આઈસીસી સમક્ષ ત્રણ મહત્વપૂર્ણ શરતો મૂકી છે. અહેવાલો મુજબ આઈસીસીએ આ શરતો સ્વીકારી નથી. ડોનમાં પ્રકાશિત અહેવાલ અનુસાર, પીસીબીએ ટી-૨૦




વર્લ્ડ કપમાંથી બાકાત રહેવા છતાં બાંગ્લાદેશને વળતર આપવા માંગણી પણ કરી છે. ૮ ફેબ્રુઆરી, ૨૦૨૬ના રોજ લાહોરના ગદ્દાફી સ્ટેડિયમમાં પીસીબી, આઈસીસી અને બાંગ્લાદેશ ક્રિકેટ બોર્ડના અધિકારીઓ વચ્ચે ચાર કલાક બેઠક યોજાઈ હતી, પરંતુ કોઈ સહમતિ બની નહોતી. સૂત્રોના જણાવ્યા અનુસાર, પીસીબીની માંગણીઓમાં બાંગ્લાદેશને મહત્તમ વળતર, ભાગીદારી ફી અને ભવિષ્યમાં આઈસીસી ટૂર્નામેન્ટની યજમાની આપવાની માંગ સામેલ છે. આઈસીસી પાસે વધારાનું વળતર આપવાની જોગવાઈ ન હોવાનો દાવો કરવામાં આવ્યો છે. ઉપાધ્યક્ષ ઈમરાન ખ્વાજાએ પીસીબીને બહિષ્કારનો નિર્ણય પરત ખેંચી મુદ્દો આઈસીસી બોર્ડ અથવા આર્બિટ્રેશન કમિટી સમક્ષ ઉઠાવવાની સલાહ આપી હોવાનું અહેવાલમાં જણાવાયું છે.

# કેરળ સચિવાલયમાં ફક્ત ત્રણ મહિનામાં ચા-નાસ્તા પાછળ રૂ. ૬ લાખનો ખર્ચ

કોચ્ચી, તા.૦૯

કેરળ સચિવાલયમાં ચા અને નાસ્તા પાછળ માત્ર ત્રણ મહિનામાં રૂ. ૬ લાખથી વધુ ખર્ચ થયાની માહિતી સામે આવતા રાજ્યમાં ચર્ચા જોર પકડી રહી છે. જાહેર વહીવટ વિભાગે ૨ ફેબ્રુઆરીએ આ ખર્ચને મંજૂરી આપતો સત્તાવાર આદેશ જારી કર્યો હતો, જેના કારણે સામાન્ય લોકોમાં આશ્ચર્ય ફેલાયું છે.

માહિતી મુજબ, આ ખર્ચ



મુખ્ય સચિવ અને વિભાગીય સચિવો માટે કરવામાં આવ્યો હતો. ઓક્ટોબરમાં રૂ. ૨,૦૬,૩૮૫, નવેમ્બરમાં રૂ. ૧,૯૭,૨૮૬ અને ડિસેમ્બરમાં રૂ. ૨,૦૧,૭૬૩ ચા-નાસ્તા પર ખર્ચાયા હતા. આમ, ત્રણ મહિનામાં કુલ ખર્ચ રૂ. ૬,૦૫,૪૩૪ થયો છે.

સરકારે આ રકમ સચિવાલયમાં સ્થિત ઈન્ડિયન કોફી હાઉસને ચૂકવવા મંજૂરી આપી છે. રાજ્યમાં નાણાકીય કટોકટી અંગે ચર્ચા ચાલી રહી હોવા છતાં આવા ખર્ચ સામે આવતા સરકારની ખર્ચ પ્રાથમિકતાઓ પર સવાલો ઉઠી રહ્યા છે. સોશિયલ મીડિયા પર પણ લોકો આ મુદ્દે પ્રતિક્રિયા આપી રહ્યા છે અને આ ખર્ચ અંગે વધુ સ્પષ્ટતા કરવાની માંગ કરી રહ્યા છે.

# રાજકોટ ચાંદી ચોરી કેસમાં મોટી સફળતા : ૪૦ કિલો જથ્થા સાથે આરોપી ઝડપાયો

રાજકોટ, તા.૦૯




રાજકોટમાં થયેલી ૧૨૦ કિલોથી વધુ ચાંદીની ચોરીના ચકચારી કેસમાં અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચને મહત્વપૂર્ણ સફળતા મળી છે. બાતમીના આધારે કરાયેલા ઓપરેશનમાં નરોડાના ૨૪ વર્ષીય પ્રદીપ પ્રજાપતિને ૪૦ કિલો ચાંદી સાથે ઝડપી પાડવામાં આવ્યો છે. તપાસ મુજબ, ચોરાયેલો જથ્થો મહેસાણામાં વેચવા લઈ જવામાં આવી રહ્યો હતો. આ ચોરી રણછોડનગર વિસ્તારમાં વેપારીના પરિચિતના મકાનમાંથી રાત્રે ૨થી ૨.૩૦ વાગ્યા દરમિયાન થઈ હતી. સીસીટીવી ફૂટેજના આધારે પોલીસે તપાસ તેજ બનાવી હતી. આરોપી પ્રદીપને ચાંદી તેનો મામાનો દીકરો મુકેશ પ્રજાપતિ આપતો હોવાની માહિતી સામે આવી છે. મુકેશ હાલ ફરાર છે અને તેની શોધખોળ ચાલી રહી છે. પોલીસ બાકી રહેલી આશરે ૮૦ કિલો ચાંદી ક્યાં છે અને કોને વેચવાની હતી તેની સઘન તપાસ કરી રહી છે.

### રાજકોટ ચાંદી ચોરી કેસના તાર અમદાવાદ સુધી

રાજકોટમાં ૩-૪ ફેબ્રુઆરીની રાત્રે શક્ત સિલ્વરના વેપારીના ઘરે થયેલી ૧૩૦થી ૧૪૦ કિલો ચાંદીના દાગીનાની ચોરી કેસમાં અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચે પ્રદીપ પ્રજાપતિની ધરપકડ કરી છે. તેની પાસેથી ૪૦ કિલો ચાંદીનો મુદ્દામાલ જપ્ત થયો છે. મુખ્ય સૂત્રધાર મુકેશ રામારામ પ્રજાપતિ હાલ ફરાર છે. મુકેશ વડોદરાના તરસાલી વિસ્તારમાં રહે છે અને અગાઉ ઘરફોડ ચોરીમાં ઝડપાયો હતો. પોલીસ મુજબ, ચોરીનો બાકીના જથ્થાનો પત્તો મેળવવા તપાસ ચાલુ છે. ઝડપાયેલ આરોપી અને મુદ્દામાલ રાજકોટ પોલીસને સોંપાશે.

# અમદાવાદમાં રાજ્યનું પ્રથમ 'પેટ ડોગ સ્મશાન ગૃહ' શરૂ: હવે પાલતુ શ્વાનને મળશે સન્માનજનક અંતિમ વિદાય

અમદાવાદ, તા.૦૯



પોતાના વહાલા પેટ ડોગને પરિવારના સભ્ય સમાન માનતા અમદાવાદીઓ માટે મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા એક અનોખી અને સંવેદનશીલ પહેલ કરવામાં આવી છે. અમદાવાદના બહેરામપુરા ખાતે ગુજરાતનું સૌપ્રથમ મ્યુનિસિપલ સંચાલિત 'પેટ ડોગ સ્મશાન ગૃહ' કાર્યરત કરવામાં આવ્યું છે. આ સુવિધાના કારણે હવે અબોલ જીવને પણ માનવીય સંવેદના સાથે સન્માનપૂર્વક અંતિમ વિદાય આપી શકાશે. બહેરામપુરાના સુએજ પમ્પિંગ સ્ટેશન કેમ્પસમાં રૂ. ૩૦ લાખના ખર્ચે 'એનિમલ ક્રિમેટર' મશીન સ્થાપિત કરવામાં આવ્યું છે. આ મશીન પર્યાવરણને અનુકૂળ છે. તેમાં ૮૦૦°c થી ૯૦૦°c તાપમાને દહન પ્રક્રિયા થતી હોવાથી વાયરસ અને બેક્ટેરિયાનું સંપૂર્ણ નાશ થાય છે. સાથે જ ચિમનીમાંથી કોઈ દુર્ગંધ અથવા ધુમાડો બહાર આવતો નથી. ઘણા માલિકો પોતાના વહાલા ડોગની અંતિમવિધિ દરમિયાન ભાવુકતાને કારણે હાજર રહી શકતા નથી. આ બાબતને ધ્યાનમાં રાખીને અહીં સીસીટીવી કેમેરાની સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવી છે.

# મહાશિવરાત્રી મેળા નિમિત્તે ગિરનાર રોપ-વે ટિકિટમાં રૂ. ૬૯નો ઘટાડો

જૂનાગઢ, તા.૦૯

જૂનાગઢમાં આગામી મહાશિવરાત્રીના મિની કુંભ મેળાને લઈને શ્રદ્ધાળુઓમાં ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે. મેળામાં ઉમટનારા લાખો ભક્તોને ધ્યાનમાં રાખીને ગિરનાર રોપ-વે મેનેજમેન્ટે મહત્વપૂર્ણ અને રાહતભર્યો નિર્ણય લીધો છે. ગિરનાર મહાદેવના દર્શન વધુ સરળ અને સસ્તા બને તે હેતુથી રોપ-વેની ટિકિટના દરમાં રૂ. ૬૯નો ઘટાડો જાહેર કરવામાં આવ્યો છે. રોપ-વે મેનેજમેન્ટના નિર્ણય મુજબ, અગાઉ રૂ. ૬૯૯ રહેલો ટિકિટ દર મહાશિવરાત્રી નિમિત્તે ઘટાડીને રૂ. ૬૩૦ કરવામાં આવ્યો છે. આ ખાસ રાહત દર ૧૧ ફેબ્રુઆરીથી ૧૫ ફેબ્રુઆરી સુધી, એટલે કે પાંચ દિવસ માટે અમલમાં રહેશે. ટિકિટના દરમાં ઘટાડાથી ખાસ કરીને બાળકો અને વૃદ્ધો સાથે આવતા મધ્યમવર્ગીય પરિવારોને રાહત મળશે. મહાશિવરાત્રી મેળા દરમિયાન લાખોની સંખ્યામાં શ્રદ્ધાળુઓ ગિરનાર પર ઉમટી પડે છે.

# ગાંધીનગરમાં બ્રહ્મ સમાજની બેઠક યોજાઈ: ભૂદેવો પોતાનું સામાજિક બંધારણ ઘડશે

ગાંધીનગર, તા.૦૯



ગાંધીનગરમાં બ્રહ્મ સમાજની મહત્વપૂર્ણ બેઠક યોજાઈ હતી, જેમાં વિવિધ સામાજિક મુદ્દાઓ પર ચર્ચા કરવામાં આવી. ઠાકોર સમાજ સહિત અન્ય સમુદાયો દ્વારા બંધારણ રચવાની પહેલને ધ્યાનમાં રાખીને બ્રહ્મ સમાજે પણ પોતાનું સામાજિક બંધારણ તૈયાર કરવાનો નિર્ણય કર્યો છે. બંધારણનો મુસદ્દો તૈયાર કરવા માટે ગુજરાતભરના બ્રહ્મ સમાજના સભ્યો પાસેથી સૂચનો મંગાવવામાં આવશે. ત્યારબાદ આગામી વાર્ષિક સામાન્ય સભામાં તેને અંતિમ સ્વરૂપ આપવામાં આવશે. બેઠક દરમિયાન યુજીસીના નવા નિયમો અને ''ઘુસખોર પંડિત'' ફિલ્મનો વિરોધ કરવાનો પણ ઠરાવ પસાર કરવામાં આવ્યો. સમાજના પ્રતિનિધિઓએ જણાવ્યું કે સરકારના કેટલાક પરિપત્રો અને નિયમો બ્રાહ્મણ તથા અન્ય ઉચ્ચ વર્ગોને લક્ષ્ય બનાવે છે. સુપ્રીમ કોર્ટમાંથી સ્ટે મળ્યા સુધી કોઈ આંદોલન કાર્યક્રમ ન યોજવાનો નિર્ણય લેવાયો છે. ફિલ્મમાં જાતિવાચક નામના ઉપયોગ સામે આગામી દિવસોમાં વધુ વિરોધ નોંધાવાની સંભાવના વ્યક્ત કરવામાં આવી છે.

# સુરતમાં પાડોશીના ઝઘડામાં વચ્ચે પડેલા પિતા-પુત્ર પર જીવલેણ હુમલો : પુત્રનું મોત, પિતા સારવારમાં

સુરત,તા.૯

શહેરના અમરોલી વિસ્તારમાં આવેલા કોસાડ આવાસ વિસ્તારમાં ફરી એકવાર અસામાજિક તત્ત્વોના આતંકે શહેરની કાયદો-વ્યવસ્થા પર સવાલ ઊભા કર્યા છે. નજીવી બાબતને લઈ થયેલો ઝઘડો ખૂની સ્વરૂપ ધારણ કરતા પિતા અને પુત્ર પર જીવલેણ હુમલો કરવામાં આવ્યો હોવાની ગંભીર ઘટના સામે આવી છે. જેમાં પુત્રનું સારવાર મળે તે પહેલાં જ મોત નિપજ્યું છે, જ્યારે પિતા ગંભીર હાલતમાં સારવાર હેઠળ છે. પ્રાપ્ત માહિતી મુજબ, સુરતના અમરોલી વિસ્તારમાં કોસાડ આવાસ વિસ્તારના એચ-૧ બ્લોક પાસે આ ઘટના બની હતી. પાડોશીઓ વચ્ચે થયેલા ઝઘડાને શાંત પાડવા માટે આ યુવક વચ્ચે પડ્યો હતો. પરંતુ મામલો વધુ ઉગ્ર બનતા અસામાજિક તત્ત્વોએ યુવક અને તેના પિતા પર તીક્ષ્ણ હથિયારથી હુમલો કર્યો હોવાનું સામે આવ્યું છે. ઘટનાની જાણ થતાં જ અમરોલી પોલીસ ઘટનાસ્થળે પહોંચી અને સમગ્ર વિસ્તારને કોર્ડન કરીને તપાસ શરૂ કરી છે.

# રાજકોટ ભાજપના રંગીન મિજાજી કોર્પોરેટરની મહિલા કાર્યકર્તા સાથે બિભત્સ ચેટ વાયરલ

(એચ.એસ.એલ),રાજકોટ,તા.૯

રાજકોટ ભાજપનું નવું સંગઠન જાહેર થયાને હજી માંડ ૨૪ કલાક પણ વીત્યા નથી, ત્યાં રાજકોટથી હલચલ મચાવી દે તેવી ખબર આવી છે. રાજકોટ ભાજપના કોર્પોરેટરની ભાજપના જ એક મહિલા કાર્યકર્તા સાથેની બિભત્સ ચેટ વાયરલ થઈ છે. આ વાયરલ ચેટથી રાજકોટ ભાજપમાં ઉહાપોહ મચી ગયો છે. ભાજપના વોર્ડ નંબર ૧૮ ના કોર્પોરેટર પોતાના જ વોર્ડની ભાજપની મહિલા સાથે બિભત્સ ચેટ કરતા હોવાની પ્રાથમિક વિગતો સામે આવી છે. કોર્પોરેટર મહિલા સાથે બિભસ્ત વાતો કરતા હોવાની ચેટથી ખળભળાટ મચી ગયો છે. વાયરલ ચેટમાં સ્ક્રીનશોટમાં ભાજપના કોર્પોરેટરનો પણ ફોટો રાખવામાં આવ્યો હતો. એક તરફ ભાજપનું સંગઠન જાહેર થયું અને બીજી તરફ રંગીન મિજાજી કોર્પોરેટરની ચેટ વાઈરલ થઈ છે. વોર્ડ નંબર ૧૮ના કોર્પોરેટરની ચેટના સ્કીન શોર્ટ વાયરલ થતા રાજકોટના રાજકારણમાં જાણે ધરતીકંપ આવ્યો હોય તેવો માહોલ સર્જાયો છે. સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ પહેલા ભાજપ કોર્પોરેટરના મહિલા કાર્યકર્તાની સાથે ચેટ સામે આવતા અનેક સવાલો ઊભા થયા છે.